# સુદાનથી હવાઈ માર્ગે ચુસ્ત આયોજન અને કોઈ પણ અગવડતા વિના પરત ફરેલ વધુ ૭ મુળ રાજકોટવાસીઓને સ્નેહપૂર્વક આવકારતું જિલ્લા વહીવટી તંત્ર





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૫

વિશ્વના કોઈ પણ ખુણે વસેલા ભારતીયોની રક્ષા કરવા પ્રતિબધ્ધ ભારત સરકારે યુક્રેન, સુદાન કે અન્ય કોઈપણ વિદેશી રાષ્ટ્રોમાં વસતા મૂળ ભારતીયોની સુરક્ષા માટે ભારત સરકારે હંમેશા સઘન અને સચોટ કામગીરી થકી અનેક ભારતીયજનોને વતન પરત લાવીને તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું છે. ત્યારે સુદાનમાં વસેલા ભારતીયોને "ઓપરેશન કાવેરી" થકી સુચારૂ આયોજન અને સુવિધા સાથે લોકોની વતન વાપસી કરાવી છે.

ગઈકાલ સાંજના સાત વાગ્યાની આસપાસ રાજકોટ એરપોર્ટ ઉપર વધુ ૭ મૂળ રાજકોટવાસીઓ સુદાનથી પરત ફર્યા હતા. જેઓને મામલતદાર જાનકી પટેલે સ્નેહ પૂર્વક આવકાર્યા હતા. બીના ગાંધી, દિવ્યા ગાંધી, ક્રિષ્ના ગાંધી, જયલક્ષ્મી દેસાઈ, પ્રિયા દેસાઈ, સરોજ ગાંધી અને નિલેશ ગાંધી સહિત કુલ ૭ લોકો સુદાનથી વાયા મુંબઈ રાજકોટ પરત ફર્યા હતા. વહીવટી તંત્ર દ્વારા બેવડીલ મહિલાઓને કોઈ તકલીફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. તેમજ સર્વેને વહીવટી તંત્ર દ્વારા જ પરિવહનની વ્યવસ્થા કરીને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. ભારત સરકારે દરકાર લઈને કોઈપણ અગવડતા વિના સુદાનથી વતન ભારતમાં સુરક્ષિત લાવવા અને રેસ્કયુ કરવા બદલ સુદાનથી પરત ફરેલ લોકોએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો તેમ મામલતદાર જાનકી પટેલે જણાવ્યું હતું.

# RTE હેઠળ પ્રથમ રાઉન્ડમાં ૫૪,૯૦૩ બાળકોને પ્રવેશ અપાશે

## વિદ્યાર્થીઓએ આગામી ૧ ૩મે સુધીમાં જે-તે શાળામાં રૂબરૂ જઈને પ્રવેશ મેળવી લેવાનો રહેશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૫

રાજ્ય સરકાર દ્વારા સંપુર્ણ પારદર્શી રીતે RTE હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. RTE ACT હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ ૯૮,૫૦૧ જેટલી અરજીઓ ઓનલાઈન પ્રાપ્ત થઈ હતી. જેમાંથી ૬૮,૧૩૫ જેટલી અરજીઓ માન્ય ઠેરવવામાં આવી હતી. ૧૪,૫૩૨ જેટલી અરજીઓ અધુરા દસ્તાવેજો જેવા વિવિધ કારણોસર અમાન્ય ઠેરવાઈ હતી જ્યારે ૧૫,૮૩૪ જેટલી અરજીઓ અરજદાર દ્વારા કેન્સલ કરવામાં આવી હતી તેમ નાયબ શિક્ષણ નિયામકની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુંસાર રાજયની કુલ ૯,૮૫૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૮૨,૮૨૦ જેટલી જગ્યાઓ RTE હેઠળ ભરવાની હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કી.મી.ની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમ અનુસાર પ્રથમ રાઉન્ડમાં ૫૪,૯૦૩ જેટલા વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જ્યારે પ્રથમ રાઉન્ડની પ્રવેશ ફાળવણીને અંતે રાજયમાં ૨૭,૯૧૭ જેટલી જગ્યાઓ અરજદારોની પસંદગીનાં અભાવે ખાલી રહીછે. RTE હેઠળ પ્રથમ રાઉન્ડના પ્રવેશ અંગેવાલીઓને SMSથી જાણ કરવામાં આવીછે. આ તમામ વિદ્યાર્થીઓએ આગામી તા.૧૩-૫-૨૦૨૩, શનિવાર સુધીમાં જે-તે શાળામાં રૂબરૂ જઈને પ્રવેશ મેળવી લેવાનો રહેશે. પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેતી જગ્યાઓ ઉપર વધુમાં વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપી શકાય તે માટે જે બાળકોને પ્રવેશ ફાળવવામાં નથી આવ્યા તેવા અરજદારોને બીજા રાઉન્ડ પૂર્વે શાળાઓની પુનઃ પસંદગીની તક આપવામાં આવશે. ત્યારબાદ બીજા રાઉન્ડની નિયમાનુસાર પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે "એનર્જી કન્ઝર્વેશન ટુવર્ડ્સ નેટ ઝીરો એન્ડ નેચર પોઝિટિવ" ઉપર કોક્લેવનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)


અમદાવાદ તા.૫


ગુજરાત સાયન્સ સિટીમાં ૫ મે, શુક્રવારના રોજ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ઉર્જા સંરક્ષણ માટેનું સૌથી મોટું કેમ્પેઈન શરૂ થઈ રહ્યું છે. સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા 'સક્ષમ -૨૦૨૩' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેની થીમ છે 'નેટ ઝીરો તરફ ઉર્જા સંરક્ષણના માર્ગો'. ગુજરાત સાયન્સસિટીમાં ઓડિટોરિયમ-૧ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે કોક્લેવનું આયોજન થશે. જેમાં ઉર્જા સંરક્ષણ અંગે ચર્ચા થશે. આવતા વર્ષોમાં નેટ ઝીરો કઈ રીતે થાય અને નેચરને પોઝિટિવ કઈ રીતે બનાવવું તે અંગે પેનલ ડિસ્કશન થશે. આ ઉપરાંત સાંજના સમયે વોકાથોનનું પણ આયોજન કરાશે. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાશે. ઉલ્લેખનીય છે કે 'સક્ષમ' એ એક મહિનાના સમયગાળા માટેનો PCRA (Paroleum Conservation Research Association)નો વાર્ષિક પ્રમુખ કાર્યક્રમ છે. સ્વાસ્થ્ય અને પર્યાવરણની સુરક્ષા માટે ઈંધણ સંરક્ષણની આવશ્યકતા અંગે નાગરિકોને જાગૃત કરવાનીસાથે સાથે ક્રૂડ ઓઈલની આયાત ઉપરની ભારતની નિર્ભરતા ઓછી કરવામાં મદદ કરવાનો તેનો હેતુ છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાઈ રહેલા આ કોક્લેવમાં ઉર્જા ઉદ્યોગ અને સંબંધિત ક્ષેત્રોના તથા શિક્ષણ જગતના નિષ્ણાંતો નેટ ઝીરો લક્ષ્ય મેળવવા માટે જુદી જુદી પદ્ધતિઓ અંગે ચર્ચા કરશે. આ ઈવેન્ટ દરમ્યાન તમામ સહભાગીઓ સાયન્સ સિટીની તમામ ગેલેરી જેવી કેરોબોટિક્સ ગેલેરી, એક્વેટિક ગેલેરી, નેચર પાર્ક, એનર્જી એજ્યુકેશન પાર્ક, હોલ ઓફ સ્પેસ અને હોલ ઓફ સાયન્સ, લાઈફ સાયન્સ પાર્ક, પ્લેનેટ અર્થની પણ મુલાકાત લેશે. 'નેટ ઝીરો તરફ ઉર્જા સંરક્ષણના માર્ગો' ની થીમના ઉદ્દેશ્યને પ્રોત્સાહન આપવા માટે GCSCના સંયુકત સહયોગ સાથે ઓઈલ ઈન્ડસ્ટ્રી દ્વારા સાયન્સ સિટી ઓડિટોરિયમ-૧ ખાતે આ કોક્લેવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. 'સક્ષમ' અભિયાન દરમ્યાન શાળાના બાળકો, યુવાનો, એલપીજીના ઉપયોગકર્તાઓ, જુદા જુદા વાહનચાલકો, ઉદ્યોગ કર્મીઓ, શ્રમિકો, ખેડૂતો, રહેણાંક સોસાયટી, ગ્રામ પંચાયતો, બિન સરકારી સંગઠનો જેવા વિવિધ જનવર્ગો સુધી પહોંચીને તેમને વિવિધ ઈંધણ સંરક્ષણનું મહત્વ, લાભ અને પદ્ધતિઓ વિશે તેમજ બળતણની કાર્યક્ષમ તકનીક અને પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહન આપવા માટે વિવિધ ઈંધણ સંરક્ષણ પ્રવૃત્તિઓ વિશે સમજાવવામાં આવે છે. મહત્વનું છે કે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC) એ ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કામ કરે છે. ૨૦૦૧ થી વિજ્ઞાન થીમ આધારિત પ્રદર્શનો, કાર્યકારી મોડેલ્સ, ઈન્ટરેક્ટિવ શૈક્ષણિક સત્રો અને મનોરંજક વિજ્ઞાન આધારિત લેબ દ્વારા મનોરંજન સાથે શિક્ષણ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે સાયન્સ સિટીમાં મુલાકાતીઓ અને શાળાઓ માટે શૈક્ષણિક શિબિરો અને વર્ગોનું આયોજન કરવામાં આવે છે.

# ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં સર્જન તબીબો દ્વારા અનેક જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૫





દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં શહેર ઉપરાંત જિલ્લાભરના દર્દીઓ સારવાર અર્થે આવે છે. અહીંની સિવિલ હોસ્પિટલમાં એમ.એસ. જનરલ સર્જન તરીકે ફરજ બજાવતા ડો. નીતિન બી. સોનગરા દ્વારા છેલ્લા દોઢ વર્ષ જેટલા સમય ગાળામાં અનેક જટિલ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં આંતરડા, હરસ, મસા, સારણ ગાંઠ, વધરાવડ, રસોડી, ભગંદર વિગેરેના ઓપરેશન અહીંની સરકારી હોસ્પિટલમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. ડોક્ટર નીતિનભાઈ સોનગરા દ્વારા જટિલ મનાતા આંતરડાના કેન્સર, હોજરીમાં કાણું, આંતરપૂછ ફાટી ગયેલી હોય અને પેટમાં બગાડ પેટ માં ગયેલ હોઈ તેવા, ડાયાબિટીસના લીધે પગમાં સડો હોય તેવી સ્થિતિમાં અહીંની સરકારી હોસ્પિટલમાં સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવે છે. આ ઉપરાંત પેટમાં પાણી ભરાતા અંડાશયની ગાંઠનું ઓપરેશન, પથરી, સ્તનમાં ગાંઠ, રસી અને ડાયાબિટીસના દર્દી વિગેરેના નાના-મોટા અનેક ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે એમ.એસ. જનરલ સર્જન ડો. નીતિન સોનગરા અમદાવાદની એલ.જી. હોસ્પિટલ અને વી.એસ. હોસ્પિટલ ખાતે પણ ફરજ બજાવી ચૂક્યા છે. ડો. સોનગરા ખંભાળિયાના જ વતની છે અને તેમના પિતા બી.પી. સોનગરા અહીંની જાણીતી એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલના આચાર્ય છે. અહીંની સરકારી હોસ્પિટલમાં અનેકવિધ રોગોની નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવતી સુવ્યવસ્થિત સારવાર અનેક દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે.

## ખંભાળિયાના સેવાભાવી સામાજિક કાર્યકરના સતાયુની ઉજવણી



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં જાણીતા સમાજસેવક અને અહીંની જાણીતી મેઘજી પેથરાજ સાર્વજનિક છાત્રાલયના સ્થાપક તેમજ સર્વોદય મંડળી અને ખાદી ભંડારના સહ સ્થાપક કરસનભાઈ દેવજીભાઈ સોનગરા તાજેતરમાં સો વર્ષ પૂર્ણ કરતા આ પ્રસંગે અહીંના સેવાભાવી કાર્યકરો તેમજ જ્ઞાતિજનો-પરિવારજનો દ્વારા સાલ ઓઢાડી, સન્માન કરવામાં આવ્યું હતું.

# કોટડાસાંગાણી તાલુકાની ૮૯ આંગણવાડીના ૨૧૦૦ બાળકોને મ્યુઝિક અને ડાન્સના સથવારે અપાઈ રહયુ છે પૂર્વ પ્રાથમિક શિક્ષણ

## તાલુકા પંચાયતના સહયોગથી ૮૯ આંગણવાડીઓ બ્લુ ટુથ સ્પીકરથી ભૂલકાઓને આધુનિક ટેકનોલોજીનો મળ્યો સથવારો





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૫

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના ૮૯ આંગણવાડીના ૨૦૦૦ જેટલા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે તે માટે તમામ ૮૯ આંગણવાડીઓને તાલુકા પંચાયતના સહયોગથી બ્લુ ટુથ સ્પીકર અર્પણ કરાયા છે. જેના સહારે આંગણવાડી સંચાલક દ્વારા સ્ટેટ લેવલથી નક્કી થયેલ જુદા જુદા થીમેટિક અભ્યાસક્રમને અનુરૂપ બાળકો બાળગીત, બાળવાર્તા કે ફ્રી ડાન્સ કરી શકે તે માટે મ્યુઝિક અને ડાન્સના સથવારે બાળકોને આધુનિક રીતે પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાઈ રહયુ છે. હવે બ્લુ ટુથ સ્પીકરના લીધે બાળ ગીત, બાળ વાર્તા, ફ્રી ડાન્સ જેવી પ્રવૃત્તિઓ ઓડિયો દ્વારા વધુ અસરકારક રીતે કરાવી શકાશે. તેમ કોટડા સાંગાણી તાલુકાના સી.ડી.પી.ઓ. પૂજાબેન જોશીએ જણાવ્યુ હતું. ગુજરાત રાજ્યમાં બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે તે પહેલાં તેના આરોગ્ય અને શિક્ષણનું ધ્યાન રાખવાના હેતુ સાથે જિલ્લાના દરેક ગામમાં નાના બાળકો માટે આંગણવાડી કેન્દ્રની યોજના અમલમાં મૂકાઈ છે. જેમાં ૩ વર્ષથી ઉપરની વયના બાળકો હોંશભેર દાખલ થાય અને ગમ્મત સાથે જ્ઞાન મેળવે તે માટે આંગણવાડી કેન્દ્રોને આકર્ષિત બનાવવા હેતુસર આંગણવાડીઓમાં આધુનિક ટેકનોલોજીનો આવિષ્કાર થયો છે. આંગણવાડીઓમાં શિક્ષણ ઉપરાંત બાળકોને પૂરક પોષક આહાર પણ આપવામાં આવી રહયો છે. રાજકોટ જિલ્લાની આંગણવાડીઓમાં વધુને વધુ બાળકો સારી રીતે શિક્ષણ મેળવી શકે એ માટે આંગણવાડીઓ આકર્ષક બનાવવામાં આવી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીની રાહબરી અને પ્રોગ્રામ ઓફિસર સાવિત્રી નાથજીના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાની ૫૦ આંગણવાડીઓનું "પ્રોજેક્ટ સોનેરી બાળપણ" હેઠળ નાના બાળકોને રૂચિ જગાવે તથા શીખવે તેવા ભીતચિત્રો તથા બેઝીક એ.બી.સી.ડી., ક.ખ.ગ. સોએકડા, પશુ પંખીના નામ, રંગોની સમજ આપે તેવી થીમ આધારિત કલરકામ કરાયું છે.

# ખંભાળિયામાં બજરંગ દળ દ્વારા કોંગ્રેસના પૂતળાનું દહન કરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૫





કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન કોંગ્રેસી નેતાઓ દ્વારા તેમના ચુંટણી ઢંઢેરામાં બજરંગ દળને પી.એફ.આઈ. જેવા આંતકવાદી સંગઠન સાથે સરખાવ્યા અને તેના ઉપર બેન લગાવાની વાત કરવા સબબ ખંભાળિયામાં ગઈકાલે ગુરૂવારે કોંગ્રેસ પાર્ટીના વિરોધમાં અહીંના જોધપુર ગેઈટ ચોક ખાતે બજરંગ દળ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રિય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડજેના પૂતળાના દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં "કોંગ્રેસ હાય હાય"ના સૂત્રોચાર અને જય જય શ્રી રામ અને બજરંગબલી કી જય હો ના નારા લગાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે વિરોધ પ્રદર્શિત કરનારા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જેમાં બજરંગ દળના અમિત જાદવાણી, જિલ્લા સહ સંયોજક દેશુર ધમા, અજય નરા, શક્તિ ગઢવી, બ્રીજરાજસિંહ, વિશ્વ હિન્દુ પરિષદના શહેર ઉપાધ્યક્ષ ઘનશ્યામસિંહ વાઢેર, ઈન્દ્રજીતસિંહ પરમાર, વિજય કટારીયા, પ્રવિણસિંહ કંચવા સહિતના મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# ખંભાળિયા - દ્વારકા હાઈવે માર્ગ ઉપરથી અનઅધિકૃત રીતે થતા બોકસાઈટ ખનન પર એલસીબી પોલીસની કાર્યવાહી



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઈન્ચાર્જ એસ.પી. એમ.એમ. પરમારના માર્ગદર્શન એલસીબી પોલીસ દ્વારા બુધવારે હાથ વધારવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એલ.સી.બી. વિભાગના હેડ કોન્સ્ટેબલ ડાડુભાઈ જોગલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા - દ્વારકા ધોરીમાર્ગ ઉપર ભાટીયા તથા કુરંગા ગામ વચ્ચેથી પસાર થતા જુદા જુદા ત્રણ ડમ્પર ટ્રકને અટકાવી, ચેકિંગ કરવામાં આવતા આ ડમ્પર ટ્રકમાં બોકસાઈટ નામનું ખનીજ હોવાનું ખુલવા પામ્યુંહતું. આ બોકસાઈટ અંગે રોયલ્ટી - પાસનું ચેકિંગ તથા ડ્રાઈવરોની પૂછપરછ કરવામાં આવતા ડમ્પરમાં રહેલું બોકસાઈટ રોયલ્ટી પાસ વાળી જગ્યાએથી ભરવામાં નઆવ્યુંહોવાનુંખુલવા પામ્યું હતું. આથી પોલીસે અનધિકૃત બોકસાઈટનું વહન કરવા સબબ રૂપિયા ૨૦-૨૦ લાખની કિંમતના મુદામાલ સાથેના જી.જે. ૧૦ ટી.વી. ૫૪૫૭, જી.જે. ૩૭ ટી. ૬૭૩૮ તથા જી.જે. ૩૭ ટી. ૮૮૩૮ નંબરના કુલ ત્રણ ડમ્પર કબજે લીધા છે. આ અંગેની જાણ દેવભૂમિ દ્વારકા જિલ્લા ખાણ ખનીજ વિભાગને પણ કરવામાં આવી છે. જેના દ્વારા અંગેજરૂરી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ, એ.એસ.આઈ. અરજણભાઈ મારુ, ધર્મેન્દ્રસિંહ ચુડાસમા, દિનેશભાઈ માડમ, ગોવિંદભાઈ કરમુર, વિગેરે દ્વારા કરવામાં આવી હતી. એલસીબી પોલીસની આ કાર્યવાહીથી ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાની લાગણી પ્રસરી જવા પામી છે.

# ખંભાળિયામાં પૈસાની લેતી-દેતી બાબતે યુવાન ઉપર લોખંડના પાઈપ વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલા સરકારી ગોડાઉનની બાજુમાં રહેતા શાહિદ હુસેનભાઈ કચ્છી નામના ૨૫ વર્ષના યુવાન ઉપર આ જ વિસ્તારમાં રહેતા યુનુસશા હારૂનશા દરવેશ, આસીફ યુનુસ દરવેશ અને સુલતાન દાઉદ ગજણ નામના ત્રણ શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, લોખંડના પાઈપ તથા સળિયા વડે હુમલો કરીને ઈજાઓ કરવા સબબ અહીંના પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આરોપી યુનુસશા દરવેશને ફરિયાદી શાહિદભાઈ સાથે પૈસાની લેતી-દેતી હોય, જે બાબતનું મનદુઃખ હોવાથી ઉપરોક્ત બનાવ બન્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે ત્રણેય શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ભાટિયાના યુવાનને મારી નાખવાની ધમકી સબબ પાંચ શખ્સો સામે ફરિયાદ

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા અનિલભાઈ બુધ્ધાભાઈ પરમાર નામના ૨૫ વર્ષના યુવાન સાથે ડેલા પાસેથી નીકળવા બાબતનો ખાર રાખી, આ જ ગામના રામા ખીમા મકવાણા, રમેશ નાથા બથવાર, રમેશ રાણા મકવાણા, ડાયા આલા મકવાણા અને સુમિત પબા મકવાણા નામના પાંચ શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, લોખંડના પાઈપ તથા લાકડી વડે બેફામ માર મારી, ઈજાઓ કર્યાની તેમજ જાનથી નાખવાની ધમકી આપવા અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

### મીઠાપુરમાં ત્રણ જુગારીઓ ઝડપાયા

મીઠાપુરના આરંભડા વિસ્તારના ગાયત્રીનગર ખાતેથી પોલીસે મોડીરાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા સતાર સિદીક સુંભણીયા, અનવર જુનસ ચમડીયા અને ફિરોઝ ઈકબાલ કાયથ નામના ત્રણ શખ્સોને રૂપિયા ૩,૭૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, જુગારધારાની કલમ મુજબ કાર્યવાહી કરી હતી.

### મીઠાપુરમાં પીધેલી હાલતમાં ટ્રક ચાલક ઝડપાયો

મીઠાપુર નજીકના હાઈવે માર્ગ ઉપરથી રાત્રિના સમયે કેફી પીણું પીધેલી હાલતમાં રૂપિયા છ લાખની કિંમતના ૧૪ વ્હીલવાળા ટ્રકને લઈને નીકળેલા શિવમભા રવાભા માણેક (રહે. આરંભડા સીમ) નામના ૨૧ વર્ષના શખ્સને પોલીસે ઝડપી લીધો હતો. મીઠાપુરના દેવપરા ખાતેથી સ્થાનિક પોલીસે ગઢેચી ગામના માણસંગભા વિરમભા માણેક નામના ૨૫ વર્ષના શખ્સને કેફી પીણું પીધેલી હાલતમાં હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ ઉપર નીકળતા ઝડપી લઈ, આ શખ્સો સામે એમ.વી. એક્ટની કલમ ૧૮૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

### ઓખામાં છરી સાથે યુવાન ઝડપાયો

ઓખામાં કનકાઈ જેટી પાસેથી પોલીસે મનોજભા વસ્તાભા હાથલ નામના ૨૪ વર્ષના યુવાનને છરી સાથે નીકળતા ઝડપી લઈ, તેની સામે જી.પી. એક્ટની કલમ ૧૩૫ (૧) મુજબ પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ ખાતે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનાં ૧૭માં પાટોત્સવની થયેલ ભાવભેર ઉજવણી






જૂનાગઢ, તા.૫

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહેતા 'મનને સ્થિર કરે તે મંદિર'. મંદિર માત્ર ઈંટ પથ્થરોનું કે આરસપહાણોનું બાંધકામ નથી પરંતુ માનવીનું મન જ્યાં શાંતિનો અનુભવ કરે છે, ભગવાનના દર્શનથી અને સત્પુરૂષના દૈવતથી જ્યાં દિવ્યતાનો અનુભવ કરે છે, લાખો માનવીઓની પ્રાર્થના અને દુઃખડાઓ જ્યાં ભગવાન સાંભળે છે અને માનવીને પણ ભગવાને તેનું કાર્ય કર્યાની પ્રતીતિ થાય છે, સાચું જીવન જીવવાનું અખૂટ બળ મેળવે છે તે મંદિર ! ઘણી જ સદીઓ પૂર્વે સમગ્ર ભારત વર્ષમાં અભૂતપૂર્વ મંદિરો હતા તેની પ્રતીતિ પણ વર્તમાને ઘણા ખંડિત સ્થાપત્યો અને જગન્નાથજી જેવા અખંડિત મંદિરો દ્વારા આપણને થાય છે.

ભારત દેશમાં મંદિરો થતા રહ્યા તેમાં સ્વામિનારાયણ ભગવાને અને સત્પુરૂષોએ ભવ્ય મંદિરો બાંધીને લાખો લોકોને દર્શને દોરીને, શ્રદ્ધા અને ભક્તિ દ્રઢ કરાવીને જાણે હિન્દુત્વનો પુનર્જાગરણ કર્યું, પાટોત્સવ એટલે જાણે મંદિરનો જન્મદિવસ, હિન્દુ મંદિરોમાં જે જે દિવસે સત્પુરૂષોએ મૂર્તિઓ પધરાવીને તેનું સ્થાપન અને પ્રતિષ્ઠા કરી તે દિવસને પ્રતિવર્ષ ભક્તો પાટોત્સવ તરીકે ઉજવે છે. જૂનાગઢમાં સને ૨૦૦૬માં વિશ્વ વંદનીય પ્રમુખસ્વામી મહારાજે ટીંબાવાડીમાં અક્ષરવાડી ખાતે પોતાના વરદ્ હસ્તે શ્રી અક્ષરપુરૂષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ , શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધા રમણ ભગવાન, મહાદેવ શ્રી શંકર પાર્વતી ભગવાન અને વિઘ્નેશ્વર ગણેશજી તથા શ્રી હનુમાનજી મહારાજ સહિત શ્રી સીતારામ ભગવાનની પ્રતિષ્ઠા વિધિ ધામધૂમ પૂર્વક કરી હતી. આજે અક્ષર વાડી ખાતે તેનો સત્તરમો પાટોત્સવ હજારો હરિભક્તો તથા સંતોના સાંનિધ્યમાં ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. વહેલી સવારે છ વાગે

## શ્રી અક્ષરપુરૂષોત્તમ મહારાજની ભવ્ય સુવર્ણ તુલનાં કાર્યક્રમનો લાભ લેતા ભાવીકો

મંગળા આરતી બાદ પૂજ્ય સંતો દ્વારા વેદોક્તવિધિથી મંદિરની દરેક મૂર્તિઓને બીએપીએસ સંસ્થાના સદગુરૂ સંતોશ્રી પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામી તથા પૂજ્ય વિવેક સાગર સ્વામી તથા અન્ય વરિષ્ઠ સંતો દ્વારા પંચામૃતથી સ્નાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શુદ્ધ જલાભિષેક કરીને પૂજારી દ્વારા ભગવાનને નવા વાઘા પરિધાન કરાવીને તથા અન્નકૂટ ધરીને શણગારઆરતી કરવામાંઆવી હતી. સાંજે ૫ : ૦૦ વાગ્યાથી ગુણાતીત સભા હોલમાં હજારો હરિભકતોને પૂજ્ય સંતોએ ભગવાનની મહાપૂજાની વિદોક્ત વિધિમાં જોડ્યા હતા. પૂજ્ય વિવેક સાગર સ્વામીએ પાટોત્સવનો મર્મ અને મંદિરની અનિવાર્યતાને નીરૂપી હતી. અને ત્યારબાદ વિશિષ્ટ કાર્યક્રમ, શ્રી અક્ષરપુરૂષોત્તમ મહારાજની સુવર્ણ તુલાનો ભવ્યતા પૂર્વક પ્રારંભ થયો હતો. તને મને ધને ભોગ આપનારા વરિષ્ઠ હરિભકતો સિર ઉપર સુંદર સાફા ધારણ કરીને રજવાડી વેશમાં સુંદર શણગારેલા પુષ્પરચિત પથ ઉપર શ્રી અક્ષર પુરૂષોત્તમ મહારાજની પાલખી ખભે ઉપાડીને અને દર્શન દાન કરાવતા સમગ્ર સભામાંથી પસાર થયા હતા. અને ત્યારબાદ મંચ ઉપર શ્રી અક્ષરપુરૂષોત્તમ મહારાજને સોનલ શૃંગારિત તુલામાં ભક્તિભાવથી વિરાજિત કર્યા હતા. યુવા મંડળ દ્વારા કીર્તન ગવાયા હતા. ત્યારબાદ મંચ ઉપર સહુ સુવર્ણદાતા હરિભકતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજના સામા ત્રાજવે સુવર્ણ સિક્કાઓ મૂકીને ભગવાનને પોતાના ભક્તિ ભાવથી તોળ્યા હતા. વરિષ્ઠ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. સભા સ્થળથી સંતોની વિદાય બાદ જૂનાગઢ મહિલા મંડળના બહેનોએ પણ ભગવાનને સુવર્ણ મુદ્રાથી તોળવાનો અમૂલ્ય લ્હાો લીધો હતો. સમગ્ર વાતાવરણમાં દિવ્યતા અને ભકિત ભાવ પથરાઈ ગયો હતો. જૂનાગઢ શહેર ઉપરાંત જૂનાગઢ પ્રાંતના કેશોદ ,વંથલી, શાપુર, વેરાવળ, ધોરાજી, ઉપલેટા , વિસાવદર , મેંદરડા , માણાવદર વગેરે અનેક ગામોથી ભક્ત સમુદાય જૂનાગઢ અક્ષરવાડી ખાતે લાભ લેવા આવ્યા હતા અને સૌએ ભોજન પ્રસાદ લીધો હતો. આ પ્રસંગે સૌરાષ્ટ્ર ઝોનના તમામ શિખરબદ્ધ મંદિરોના કોઠારી સંતશ્રીઓએ ખાસ ઉપસ્થિત રહીને ઉત્સવમાં વધુ દિવ્યતાની અભિવૃદ્ધિ કરી હતી. આ ચાર દિવસીય ભવ્ય કાર્યક્રમને ઓપ આપીને સાકાર કરવામાં જૂનાગઢના કોઠારી સ્વામીશ્રી ધર્મવિનય સ્વામી , પૂજ્ય જ્ઞાનવર્ધન સ્વામી , વગેરે જૂનાગઢ બીએપીએસ મંદિરના સંતોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે

# જૂનાગઢ શહેરનો સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪ મેના યોજાશે

જૂનાગઢ, તા.૫

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ શહેર માટે તા.૨૪/૫/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે જૂનાગઢ શહેરકક્ષાના પ્રશ્નો/ફરિયાદો તા.૧૦/૫/૨૦૨૩ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ શહેરને પહોંચતા કરવા સંબંધકર્તા લોકોને વિનંતી કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતાં પહેલાં શહેરી વિસ્તારનો પ્રશ્ન હોય તો સીટી તલાટીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય. તાલુકા કક્ષાનો પ્રશ્નો હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય. આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો શહેર કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ. અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે. અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે સામૂહિક રજૂઆતો થઈ શકશે નહીં આ કાર્યક્રમમાં મુદત બાદની અરજીઓ અસ્પષ્ટ રજૂઆત વાળી અરજીઓ, એક કરતાં વધુ વિભાગ કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપો વાળી અરજીઓ, નીતિવિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીને સેવા વિષયક પ્રશ્નો, કોર્ટ મેટર દીવાની પ્રકારની ખાનગી તકરારો અપીલ થવા પાત્ર કેસોવાળી અરજીઓ, અરજદારને તેમને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ ખાતનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્નો, અગાઉના સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો રજૂ થઈ શકશે નહીં એમ જૂનાગઢ શહેર મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલની અદ્યતન લેબોરેટરી જયાં ૯૦ પ્રકારના રીપોર્ટ થાય છે

## ખાનગી લેબમાં થતા હજારો રૂપિયાના રીપોર્ટ સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે






### માઇક્રોબાયોલોજી, પેથોલોજી અને બાયોકેમેસ્ટ્રી વિભાગમાં લાખો રૂપિયાના મશીનો ઉપલબ્ધ



જૂનાગઢ તા.૫

જૂનાગઢ સિવિલ હોસ્પિટલના લેબોરેટરીના માઈક્રોબાયોલોજી, પેથોલોજી અને બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા વિવિધ ૯૦ પ્રકારના રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. દરરોજના ૧૦૦૦થી વધુ રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. લેબોલેટરી વિભાગમાં લાખો રૂપિયાના મશીનો ઉપલબ્ધ છે. જે ખાનગી હોસ્પિટલમાં હજારોના થતા રીપોર્ટ સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે આપવામાં આવે છે. સરકારી હોસ્પિટલોમાં આવતા દર્દીઓને પુરતી સારવાર મળી રહે તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.નયના લકુમ, ઈન્ચાર્જ ડો.કનવી વાણીયા અને સિવિલ સર્જન ડો.પાલા લાખણોત્રાના માર્ગદર્શન હેઠળ લેબોરેટરીમાં રોજના ૧૦૦૦થી વધુ રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. સિવિલ હોસ્પિટલના લેબોરેટરીના માઈક્રો બાયોલોજી, પેથોલોજી અને બાયોકેમેસ્ટ્રી વિભાગના એચ.ઓ.ડી. ઈન્ચાર્જ ડો.રૂપલ ત્યાગીએ જણાવેલ કે, આ હોસ્પિટલમાં વિવિધ ૯૦ પ્રકારના રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને કેન્સર(ગાંઠની તપાસનો રીપોર્ટ), ટીબી, થાઈરોડ, સીબીસી, સીઆરપી, આરએફટી, ડી-ડાયમર, લાઈપેઝ, ટ્રોપોનીન આઈ, સીકે-એમબી સહિતના વિવિધ ૯૦ પ્રકારના રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ગીર સોમનાથ, પોરબંદર, જૂનાગઢ અને જેતપુર, ઉપલેટા સહિતના વિસ્તારોમાંથી લોકો સારવાર લેવા માટે આવે છે. ત્યારે માઈક્રોબાયોલોજી, પેથોલોજી અને બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા વિવિધ પ્રકારના રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે. દરરોજના ૧૦૦૦થી વધુ રીપોર્ટ તૈયાર કરી દર્દીઓને આપવામાં આવે છે.

# શ્રી મુરલીધર માધ્યમિક શાળાનું ઝળહળતું પરીણામ



જૂનાગઢ, તા.૫

જૂનાગઢ સોરઠીયા આહીર વિદ્યાર્થી ભુવન ટ્રસ્ટ સંચાલિત શ્રી મુરલીધર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે જેમાં માર્ચ ૨૦૨૩માં લેવાયેલ એચએચસીની પરીક્ષાનું પરિણામ જાહેર થતા મુરલીધર શાળાનું ૭૮.૫૭ આવેલ છે જેમાં આ સ્કૂલનાં ૫ વિદ્યાર્થીઓ શેઠિયા એસ.૯૮.૪૬ પીઆર, અમરેલીયા અરમાન ૯૭.૦૩, ભાલીયા સિદ્ધાર્થ ૯૬.૪૫, પટાટ જીત ૯૫.૧૧, ઈસાન વ્યાસ ૯૨.૯૭ પીઆર આવતા. આ સ્કૂલનાં માર્ગદર્શક શ્રી હરદાસભાઈ વાઢેર તેમજ સ્કૂલ સ્ટાફ દ્વારા આ છાત્રોને શુભેચ્છા પાઠવી હતી.

### ગીર સોમનાથ કલેકટર એચ .કે વઢવાણિયાએ

# ડારી ટોલનાકા પાસે આવેલ નિરાધારનો આધાર આશ્રમની મુલાકાત લીધી




વેરાવળ, તા.૫

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ડારી ડોલ નાકા. પાસે નિરાધારનો આધાર કે જે છેલ્લા ઘણા વર્ષોથી ૭૦ આસપાસ પ્રભુજીને સવારે નાસ્તા, બે ટાઈમ જમવા રહેવાની વ્યવસ્થા કરતી સંસ્થા છે. જિલ્લા કલેકટર એચ.કે.વઢવાણીયા નિરાધારનો આધાર આશ્રમની મુલાકાત લીધી હતી. જેમાં કલેક્ટર દ્વારા નિરાધારનો આધાર માનવસેવા આશ્રમની મુલાકાત લેવામાં આવી તેમજ અન્નબ્રહ્મ યોજના અંતર્ગત સંસ્થાને ઘઉં અને ચોખાની કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ પ્રભુજી સાથે વાર્તાલાપ કર્યો હતો અને કલેકટરે આશ્રમના સેવાકાર્યની પ્રસંશા કરી હતી. આ તકે પ્રાંત અધિકારી વેરાવળ કે.વી. બાટી , જિલ્લા પુરવઠા અધિકારી રાહુલ ગમારા, નાયબ કલેકટર ભૂમિકા વાટલિયા, મામલતદાર વેરાવળ ગ્રામ્ય આરઝુ ગજ્જર , જિલ્લા પુરવઠા નિરીક્ષક અને નાયબ મામલતદાર જામસિંહ પરમાર અને નાયબ મામલતદાર પુરવઠા વેરાવળ ગ્રામ્ય દિવ્યેશ નૈયા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારની શ્રી.ભ.ભા.વિદ્યાલયનું વિજ્ઞાન પ્રવાહનું ઝળહળતું પરિણામ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫

શ્રેષ્ઠ અને વિનામૂલ્યે કોઈ પણ પ્રકારની ફી વિના શિક્ષણ આપતી વિજ્ઞાન પ્રવાહની સરકારી શાળા ભ.ભા.વિદ્યાલય કોડીનારનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૫.૦૯% ઝળહળતું પરિણામ આવ્યું છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકામાં અને શાળામાં પ્રથમ મોરી રાજકુમાર સુરેશભાઈ ૯૯.૭૯ પી.આર. અને બીજા ક્રમે વંશ હેતલબેન જે. ૯૯.૧૦ પી.આર. અને ત્રીજા ક્રમે ચૌહાણ ધવલ. જી ૯૮.૬૩ પી.આર. સાથે અન્ય ૧૪ વિદ્યાર્થીઓ ૯૦થી વધુ પી.આર. સાથે ઉર્તીણ થયેલ છે તેમજ ગુજકેટ – ૨૦૨૩ પરીક્ષામાં મોરી રાજકુમાર એસ. ૧૦૭.૭૫ ગુણ તથા વૈશ હેતલબેન જે. ૧૦૦.૫ ગુણ અને ચૌહાણ ધવલ જી. ૧૦૫ ગુણ સાથે ઉર્તીણ થતા શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ પરિણામ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરથી જાહેર થયેલ પરિણામ મુજબ સમગ્ર ગુજરાત બોર્ડનું પરિણામ ૬૫.૫૮%, ગીર સોમનાથ જિલ્લાનું પરિણામ ૬૬.૩૫%, કોડીનાર કેન્દ્રનું પરિણામ જેમાં ભ.ભા. વિદ્યાલય, કોડીનારનું પરિણામ ૬૫.૦૯% આવ્યું છે.

# જૂનાગઢ એન.પી.ભાલોડિયા હાઈસ્કુલ ખાતે ધો.૧૨ સાયન્સના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

## ધો.૧૨ સાયન્સના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા




જૂનાગઢ, તા.૫

જૂનાગઢ શહેરની એન.પી.ભાલોડિયા હાઈસ્કુલના વિદ્યાર્થીઓનું ધો.૧૨ સાયન્સમાં સારૂ એવું પરિણામ આવ્યું છે. ત્યારે ભાલોડિયા હાઈસ્કુલ દ્વારા ધો.૧૨ સાયન્સના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જૂનાગઢની એન.પી. ભાલોડિયા હાઈસ્કુલના ધો.૧૨ સાયન્સના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ પીકેએમ કોન્ફરન્સ હોલમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત હાઈસ્કુલના પ્રિન્સીપાલ અંજલીબેન સાવલિયા દ્વારા શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાસંગિક પ્રવચન ટ્રસ્ટી ડો.કણસાગરા, કેમ્પસ ડાયરેક્ટર ડો.ડી.એ.ડઢાણિયાએ જણાવ્યું હતું કે, ભાલોડિયા હાઈસ્કુલમાં આધુનિક સુવિધા અને સારા શિક્ષણને કારણે ધો.૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓએ સારૂ પરિણામ મેળવ્યું છે. તેમજ જોઈન્ટ મેનેજીંગ ટસ્ટ્રી રતિભાઈ મારડિયા દ્વારા પણ વિદ્યાર્થીઓને પોતાની આગળની કારકીર્દી અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રમુખશ્રી સી.એ. સવજીભાઈ મેંનપરા દ્વારા આર્શીવચન આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત વાલીઓ અને વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્ય જણાવ્યો હતો અને ૧૪ વિદ્યાર્થીઓ કે, જેઓ એ ધો.૧૨ સાયન્સમાં ૯૯.૯૮થી ૯૮.૦૮ પીઆર મેળવ્યા છે. તેઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આભાર વિધિ ટ્રસ્ટી અને એકેડેમીક ઈન્ચાર્જ ડો.જે .એન.જસાણી દ્વારા કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# એકબીજાને ભરી પીતા વિપક્ષીદળોને એક કરવાની કવાયત સફળ થશે ?

ધ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવની સાથે જે રીતે મમતા બેનર્જી અને અખિલેશ યાદવ સાથે મુલાકાત કરી અને વિપક્ષી એક્તા પર ભાર મૂક્યો, તેનાથી એપ્રતીતિ થવી સ્વાભાવિક છે કે વિપક્ષી દળોને એકજુટ કરવાની પહેલ તેજ થઈ રહી છે. એના પહેલાં નીતિશ કુમાર દિલ્હી આવીને રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલ સાથે પણ મુલાકાત કરી ચૂક્યા છે. તેઓ માત્ર વિપક્ષી એક્તાની ધરી બનતા જ નથી દેખાતા, બલ્કે એ પણ આભાસ કરાવી રહ્યા છે કે તેમની પહેલ વિપક્ષી દળોને એક મંચ પર લાવી શકે છે.

એ તો ભવિષ્ય જ જણાવશે કે આવું થઈ શકે છે કે નહીં, પરંતુ એમાં શંકા નહીં કે હાલમાં વિપક્ષી એક્તા રાજકીય વિમર્શનું કેન્દ્ર બની રહી છે. એ કોઈ નવી વાત નથી. જ્યારે પણ વિભિન્ન પક્ષોના નેતા ભાજપ વિરૂધ્ધ એકજુટ થવાની વાત કરતાં હળીમળી રહ્યા છે તો તેઓ ચર્ચામાં આવવાની સાથે જ મીડિયામાં પણ ચમકવા લાગે છે, પરંતુ પછી વાત આગળ વધતી નથી દેખાતી. કહેવું મુશ્કેલ છે કે આ વખતે શું થશે, પરંતુ જો વિપક્ષી દળો વાસ્તવમાં ભાજપ વિરૂધ્ધ કોઈ ઠોસ વિકલ્પ ઊભો કરવા માંગે છે તો સૌથી પહેલાં તેમણે એ સ્પષ્ટ કરવું પડશે કે તેમની એકજુટતાનો ઉદ્દેશ્ય શો છે? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે ભાજપ હટાવો એક નારા તરીકે તો વાપરી શકાય, પરંતુ તે જનતાને આકર્ષિત નથી કરી શકતો.

જનતાને આકર્ષિત કરી શકે છે એવો કોઈ એજન્ડા, જે એ રેખાંકિત કરતો હોય કે વિપક્ષી દળ પરસ્પર મળીને દેશને કઈ દિશા આપવા માંગે છે અને તે આ કામ કઈ રીતે કરશે? શું એ યોગ્ય નહીં હોય કે વિપક્ષી દળ ભાજપ હટાવો કે મોદી હરાવોનો નારો લગાવવાને બદલે એ જણાવે કે દેશ માટે તેમનો સંયુક્ત એજન્ડા શો છે? જો વિપક્ષી દલો પોતાની એક્તાને લઈને ગંભીર હોય તો પછી તેમણે પોતાનો કોઈ ન્યૂનતમ સંયુક્ત કાર્યક્રમ રજૂ કરવો જોઈએ. તે ઉપરાંત તેમણે એ પ્રશ્નનો પણ હલ શોધવો જોઈએ કે વડાપ્રધાન પદનો ચહેરો કોણ હશે? હાલમાં તો એવું લાગે છે કે વિપક્ષના જે પણ નેતા વિપક્ષી એક્તાની પહેલ કરે છે, તે વડાપ્રધાન પદ માટે પોતાની દાવેદારી આગળ વધારે છે. વાત માત્ર આટલી જ નથી. કેટલાય વિપક્ષી દળો એવા છે, જે કાં તો કોંગ્રેસને સીમિત ભૂમિકામાં જોવા માંગે છે અથવા પછી તેના વિના જ વિપક્ષને એકજૂટ કરવાની કોશિશ કરતા દેખાય છે. જે પણ એવી કોશિશ કરી રહ્યા છે, તેઓ એટલા માટે સફળ નથી થઈ શકતા, કારણ કે તમામ કમજોરી બાદ પણ કોંગ્રેસ એક રાષ્ટ્રીય પક્ષ છે અને તેના વિના વિપક્ષી દલોની એક્તા ઠોસ આકાર ન લઈ શકે. આ જ રીતે એ પ્રશ્ન ટાળવાથી પણ વાત નથી બનવાની કે વિપક્ષ તરફથી વડાપ્રધાન પદની દાવેદારીનો ફેંસલો ચૂંટણી પરિણામો બાદ થશે.

# સાત ફેરા લેતા પહેલા કેમ દુલ્હા- દુલ્હનને પીઠી ચોળવામાં આવે છે?



પ્રાચીન સમયથી લગ્નમાં પીઠી ચોળવાનો રિવાજ ચાલ્યો આવે છે. કાયમ માટે એકબીજા સાથે પવિત્ર બંધનમાં બંધાતા પહેલા દુલ્હા અને દુલ્હનને પીઠી ચોળવામાં આવે છે. આ રસ્મ ખુબ ધામધૂમથી મનાવવામાં આવે છે. સગા સંબંધીઓ પણ સામેલ થાય છે. પરંતુ શું તમને એ વાતની ખબર છે કે લગ્ન પહેલા છોકરા અને છોકરીને પીઠી કેમ ચોળવામાં આવે છે. આમ તો પીઠી ચોળવાની સેરેમનીમાં આજકાલ લોકો ખુબ ખર્ચો કરે છે. આ માટે હલ્દી થીમ ડેકોરેશનથી લઈને આઉટફિટ સુધીની ચીજો પર ધ્યાનઆપવામાં આવતું હોયછે. પરંતુ જ્યારે પીઠી ચોળવાનો વારોઆવે છે ત્યારે રસ્મના નામ પર થોડું થોડું છોકરા અને છોકરીને લગાવી દેવાય છે. આવામાં અમે તમને આજે પીઠી ચોળવા પાછળના કેટલાક કારણો વિશે જણાવીશું.

પીઠી ચોળવાની રસ્મથી લગ્નની તૈયારીઓ શરૂ થાય છે. જેને દરેક સમાજનો લોકો પોત પોતાની રીતે આયોજિત કરે છે. કેટલીક જગ્યાઓ પર લગ્નના ત્રણ દિવસ પહેલાથી દુલ્હન અને દુલ્હાને અલગ અલગ ઘરો પર પીઠી ચોળવામાં આવે છે. કેટલીક જગ્યાએ બંનેને સાથે જ લગ્નના દિવસે કે એક દિવસ પહેલા પીઠી ચોળવામાં આવેછે.

### ધાર્મિક કારણ

હિન્દુ ધર્મની માન્યતા મુજબ લગ્ન એકપવિત્ર બંધન છે. જેમાં નવા જોડાને આશીર્વાદ આપવા માટે દેવી દેવતાઓને આમંત્રણ આપવામાં આવે છે. જેમાં ભગવાન વિષ્ણુનું સ્થાન વિશેષ હોયછે. આથી તેમના આશીર્વાદ માટે તેમનો પસંદગીનો રંગ પીળો અને હળદરનો ઉપયોગ લગ્નમાં થાયછે. આજ કારણ છે કે અનેક રસ્મોમાં પણ દુલ્હા દુલ્હન પીળા રંગના કપડાં પહેરતા હોય છે.

### વિજ્ઞાન શું માને છે?

હળદર પ્રાચીન સમયથી ઔષધીય રીતે ઉપયોગમાં લેવાતો મસાલો છે. તેમાં એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી સેપ્ટિક, એન્ટી ડિપ્રેશન જેવા ગુણ હોય છે. તેને લગાવવાથી ત્વચા પર કોઈ ઈન્ફેક્શનનું જોખમ રહેતું નથી અને તે ડિટોક્સ રહે છે. આ સાથે જ હળદર લગાવવાથી બોડી રિલેક્સ થાય છે અને સ્કિનમાં પણ ચમક આવે છે. આવામાં હળદરને લગ્નના કારણે થતી નર્વસનેસને ઓછી કરવામાં કારગર માની શકાય ચે.

### હળદર સાથે જોડાયેલી માન્યતાઓ

અનેક લોકો એવું માને છે કે હળદર લગાવવાથી દુલ્હા અને દુલ્હન પર કોઈ પણ પ્રકારની ખરાબ શક્તિઓનો પ્રભાવ કે ખરાબ નજર લાગતા નથી. આ કારણ છે કે સામાન્ય રીતે દુલ્હા અને દુલ્હનને પીઠી ચોળ્યા બાદ તેમના લગ્નના મુહૂર્ત સુધી ઘરની બહાર નીકળવાની મંજૂરી હોતી નથી.

આ ઉપરાંત હળદરને લઈને એક એવી પણ માન્યતા છે કે જો દુલ્હા કે દુલ્હન કોઈ અપરણિત વ્યક્તિને પોતાની પીઠી લગાવે તો તેમના લગ્ન પણ જલદી થઈ જાય છે.

## વર્ષો પહેલા આ રીત થતી હતી હરીફાઈ

# મહિલાઓના પગ જોઈ તેમની સુંદરતા નક્કી થતી

નવી દિલ્હી, તા.૫

મહિલાઓને હંમેશા સમાજ એક વસ્તુ તરીકે જોતો આવ્યો છે. તેમને શું પહેરવું જોઈએ, શરીર કેટલું ઢાંકી રાખવું જોઈએ, ક્યારે મોં ઢાંકવું જોઈએ, ક્યારે નહીં, આ બધું પુરુષ પ્રધાન સમાજની દેન છે. લોકોના મનમાં એવી ભાવના બેસી ગઈ છે કે, ગોરી મહિલા જ સુંદર હોય છે, આ જ કારણે કેટલીય ક્રીમના પ્રચારમાં પણ ગોરા કરવા માટે કહેવામાં આવે છે. મિસ વર્લ્ડ, મિસ યૂનિવર્સ જેવી કંપ્ટીશનમાં પણ મહિલાઓની સુંદરતા તેના આધાર પર કરવામાં આવે છે. પણ શું આપ જાણો છો કે, જૂના જમાનામાં મહિલાઓના ચહેરાની સુંદરતા તો છોડો, લોકો મહિલાઓના પગની સુંદરતા પર ખૂબ ધ્યાન આપતા હતા. આજે અમે આપને એક અજીબોગરીબ કોમ્પીટીશન વિ વાત કરવા જઈ રહ્યા છે, જે વર્ષો પહેલા થતી હતી



અને તેમાં મહિલાઓના પગ જોવામાં આવતા હતા. સોશિયલ મીડિયા પર મોટા ભાગે અમુક બ્લેક એન્ડ વ્હાઈટ તસવીરો વાયરલ થતી રહે છે. જેમાં અમુક પુરુષ મહિલાઓના પગ જોઈને તેમને પોઈન્ટ આપતા હોય છે. હાલમાં જ ટ્વિટ અકાઉન્ટ @info_tale પર આવી જ તસ્વીરો પોસ્ટ કરવામાં આવી હતી, જેમાં મહિલાઓના પગને જોઈને એક સૂટ-બૂટ પહેરેલ વ્યક્તિ તેને પોઈન્ટ આપી રહ્યો છે. નવાઈની વાત એ છે કે, આ તસ્વીરમાં મહિલાઓના ચહેરાઓને છુપાવી રાખ્યા છે, ફક્ત તેમના પગ દેખાઈ રહ્યા છે. અકાઉન્ટ પરથી દાવો કર્યો છે કે, આ ફોટો ૧૯૫૦માં ફ્રાન્સમાં પૈરિસમાં ચાલી રહેલા સૌથી સુંદર પગની કોમ્પીટીશન કરી છે. નિશ્ચિતપણે આ તસ્વીર ચોંકાવનારી છે, પણ આવી અનેકો તસ્વીરો આપને જોવા મળી જશે. ડેલી મેલ ન્યૂઝ વેબસાઈટની વર્ષ ૨૦૧૫ના એક રિપોર્ટ અનુાર, જૂના જમાનામાં ઈંગ્લેન્ડ અને યૂરોપના કેટલાય અન્ય દેશોમાં, સૌથી સુંદર પગની કમ્પીટીશન થતી હતી, જે મહિલાઓ માટે આયોજીત કરવામાં આવતી હતી. આ કમ્પીટીનશમાં મહિલાઓના પગ, ખાસ કરીને તેમના ટાંગાને જોઈને તેમને માર્ક્સ આપવામાં આવતા હતા, બાદમાં સૌથી વધારે માર્ક્સ પ્રાપ્ત કરનારી મહિલા વિજેતા બનતી હતી. રિપોર્ટ અનુસાર, ઈંગ્લેન્ડમાં કમ્પીટીશન ખૂબ જ મોટા સ્તર પર થતી હતી. ૧૯૩૦ દરમ્યાન આ કમ્પીટીશનનો ફોટો પણ વાયરલ થતો રહે છે. મહિલાને પડદા પાછળ ઊભી રાખવામાં આવતી હતી. જેનાથી તેમનો ચહેરો અને શરીર છુપાઈ રહે. બાદમાં તેમના પગ ખાસ કરીને ઘૂંટણ બહાર રાખવામાં આવતો હતો. ત્યારે હરીફાઈના જજ, જે ખાસ કરીને પોલીસકર્મી હતા, જે પગ જોઈને પોઈન્ટ આપે છે. ૧૯૪૦ સુધી આ કંપ્ટીશન ચાલી રહી હતી બાદમાં પડદો હટાવી દેવામાં આવ્યો અને મહિલાઓના શરીરની સાથે સાથે તેમના વ્યક્તિત્વ પર પણ પોઈન્ટ આપવામાં આવ્યા.

# ભારતનું એવું રેલ્વે સ્ટેશન જ્યાં પ્લેટફોર્મ બદલવું હોય તો કરવી પડે ઓટો



આજ સુધીમાં તમે પણ ટ્રેનમાં ઘણી વખત મુસાફરી કરી હશે. ભારતીય રેલવે અને ટ્રેન સાથે ઘણી રસપ્રદ માહિતી પણ જોડાયેલી છે. જેના વિશે જાણીને તમને પણ આશ્ચર્ય થશે. આજે તમને આવા જ એક રેલવે સ્ટેશન વિશે જણાવીએ. ભારતનું આ રેલવે સ્ટેશન ખૂબ જ અનોખું છે. કારણ કે અહીં બે પ્લેટફોર્મ વચ્ચે બે કિલોમીટરનું અંતર છે. જ્યારે કોઈપણ રેલવે સ્ટેશન પર જવામાં આવે તો એક પ્લેટફોર્મ થી બીજા પ્લેટફોર્મ સુધી જવા માટે ખૂબ જ ઓછું અંતર કાપવું પડે છે. તમે આરામથી પ્લેટફોર્મ બદલી શકો છો. પરંતુ આ રેલવે સ્ટેશન ઉપર તમારે જો પ્લેટફોર્મ બદલવું હશે તો તમારે ઓટો કરીને જવું પડશે કારણ કે અહીં એક પ્લેટફોર્મ થી બીજા પ્લેટફોર્મ સુધીનું અંતર ૨ કી.મી. નું છે.

ભારતીય રેલવેનું આવું રેલવે સ્ટેશન બિહારના બેગુસરાઈ જિલ્લાના બરૌનીમાં આવેલું છે. આ એક ઔદ્યોગિક વિસ્તાર છે જે ગંગા નદીના કિનારે વસેલો છે. અહીં ઘણી બધી તેલ રિફાઈનરી અને થર્મલ પાવર પ્લાન્ટ આવેલા છે. આ વિસ્તારમાં બરૌની જંકશન આવે છે. આ જંકશનનું નિર્માણ ૧૮૮૩ માં થયું હતું જ્યારે અંગ્રેજોનું શાસન હતું. અહીં આબાદી તે સમયે ઓછી હતી તેથી આ રેલવે સ્ટેશન ઉપર માત્ર એક જ પ્લેટફોર્મ નંબર એક બનાવવામાં આવ્યું હતું.

આ સ્ટેશનની શરૂઆત થઈ ત્યારે અહીં માત્ર માલગાડી આવતી હતી. અહીંની તેલ રિફાઈનરીમાંથી તેલ ભરીને તે વિવિધ જિલ્લામાં સપ્લાય કરતી. પરંતુ થોડા સમય પછી અહીં લોકોની મુસાફરી માટે પણ ટ્રેનની માંગ થઈ. તેના માટે પ્લેટફોર્મ નંબર ૧ થી અંદાજે બે કિલોમીટર દૂર બીજું રેલવે સ્ટેશન બનાવવામાં આવ્યું.

લોકોની સુવિધા માટે બરૌની જંકશન તૈયાર કરવામાં આવ્યું. આ જંકશન પરથી વિવિધ જગ્યાઓ માટે ટ્રેન ચાલે છે. જોકે પહેલા બનેલા પ્લેટફોર્મ નંબર એક ઉપર ફક્ત માલ ગાડીઓ અટકે છે. પહેલા સ્ટેશનને બરૌની જંકશન નામ આપવામાં આવ્યું અને પછી બનાવેલા પ્લેટફોર્મ ને બરોની રેલવે સ્ટેશન નામ આપવામાં આવ્યું. આ રીતે એક જ નામના બે સ્ટેશન બન્યા.

પહેલા બનેલા સ્ટેશને પ્લેટફોર્મ નંબર એક આપવામાં આવ્યો હતો. તેવી જ રીતે નવા બનેલા રેલવે સ્ટેશનને પ્લેટફોર્મ નંબર બે નામ આપવામાં આવ્યું. જોકે તેમ છતાં લોકોને આ સ્ટેશન પર ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડે છે કારણ કે એક જ નામના બે રેલવે સ્ટેશન વચ્ચે ૨ કી.મી. નું અંતર છે અને તેમાં પણ પ્લેટફોર્મ નંબર એક અને પ્લેટફોર્મ નંબર ૨ નામ આપવામાં આવ્યા છે. તેવામાં જો લોકોને પ્લેટફોર્મ બદલવાનું થાય તો બે કિલોમીટરનું અંતર કાપવું પડે છે.

# સ્મશાનમાં શા માટે પહેરવામાં આવે છે સફેદ કપડાં? અંતિમક્રિયામાંથી પરત ફર્યા બાદ ન કરવી આ ૩ ભુલ

હિન્દુ ધર્મમાં સોળ સંસ્કારનું વિશેષ મહત્વ જણાવવામાં આવ્યું છે. આ સોળ સંસ્કાર માંથી અંતિમ સંસ્કાર એક છે. અંતિમ સંસ્કાર એવી પ્રક્રિયા છે જેમાં શરીર પંચતત્વમાં વિલિન થાય છે. તેથી જ અંતિમ સંસ્કાર કરતી વખતે કેટલાક રીતરિવાજોનું પાલન કરવામાં આવે છે. આમ કરવું અનિવાર્ય છે. કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેની અંતિમયાત્રા નીકળે છે અને સ્મશાનમાં લઈ જઈ તેના અગ્નિસંસ્કાર કરવામાં આવેછે.



અંતિમ યાત્રા દરમિયાન મોટાભાગના લોકો સફેદ કપડામાં જોવા મળે છે અને સ્મશાનથી પરત આવ્યા પછી સૌથી પહેલા સ્નાન કરવામાં આવે છે અને પછી જ ઘરમાં પ્રવેશ મળેછે. આમ કરવાનું પણ ખાસ કારણ છે.

શાસ્ત્રો અનુસાર સફેદ રંગ સાત્વિક રંગ છે અને તે શાંતિ વ્યક્ત કરે છે. સાથે જ આ રંગ નકારાત્મકશક્તિઓના સંપર્કમાં આવતા બચાવે છે. તેજીત સ્મશાનમાં જતી વખતે સફેદ રંગના કપડા પહેરવામાં આવે છે જેથી તમે નકારાત્મક ઊર્જાના સંપર્કમાં આવવાથી બચો.

### અંતિમ સંસ્કાર પછી શું ન કરવું ?

- ગરુડ પુરાણ અનુસાર જ્યારે તમે કોઈ વ્યક્તિના અંતિમ સંસ્કાર કરીને પરત ફરો તો પાછળ ફરીને જોવું નહીં. માન્યતા અનુસાર જો તમે આવું કરો છો તો તમે તે વ્યક્તિનો મોહ ભંગ કરો છો. દાહ સંસ્કાર પછી વ્યક્તિની આત્મા મોહના કારણે પોતાના ઘરે આવવા ઈચ્છે છે તેવામાં પાછળ ફરીને ક્યારેય જોવું નહીં.

- સ્મશાનથી પરત ફરો એટલે ઘરમાં પ્રવેશ કરતા પહેલા સ્નાન કરવું જોઈએ. માન્યતા છે કે સ્મશાનમાં ઘણા પ્રકારની નકારાત્મક ઉર્જાઓ રહેતી હોય છે તેથી ઘરે આવીને સૌથી પહેલા સ્નાન કરી પહેલા કપડાં ધોઈ નાખવા જોઈએ ત્યાર પછી ઘરમાં ગંગાજળનો છંટકાવ કરવો જોઈએ.

- જે ઘરમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું હોય ત્યાં ૧૨ દિવસ સુધી તે વ્યક્તિની આત્માને શાંતિ માટે દીવો પ્રજવલિત કરવો જોઈએ સાથે જ પિતૃ પક્ષ દરમિયાન પિંડદાન કરવું જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

### :: રત્નકણીકા ::

શ્રધ્ધા અને વિશ્વાસના સંયોગ દ્વારા મનમાં પ્રસન્નતાનો જન્મ થાય છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૧૫ વ્રતની પૂનમ, વૈશાખી પૂર્ણિમા, વૈશાખ સ્નાન સમાપ્તિ, ભગવાન શ્રી કુર્મ જન્મોત્સવ, શ્રી બુધ્ધ પૂર્ણિમા તા.૫ મે ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૪, સ્વાતિ નક્ષત્ર, સિધ્ધિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૧૯

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યનું કાર્ય લંબાણમાં પડી જાય. સ્વજનોથી મનદુઃખ રહે.
વૃષભ: પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. ગુપ્ત યોજના પાર પાડી શકશો.
મિથુન: નાણાંકીય લેવડ-દેવડમાં સાવચેત રહેવું. વડીલવર્ગ દ્વારા વડીલની મદદ મળી રહે.
કર્ક: કાર્યબોજમાં વધારો થાય. મનમાં અકારણ ચિંતા અનુભવાય.
સિંહ: આત્મવિશ્વામાં વધારો થાય. નાણાંકીય સમસ્યા ઉકેલાય.
કન્યા: આવકમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
તુલા: પ્રિયજન દ્વારા લાભ મેળવી શકશો. નાણાંકીય વ્યવહાર સચવાઈ જાય.
વૃશ્ચિક: મનની ચિંતા દૂર થાય. નવિન શુભ સમાચાર મળે.
ધન: ભાગીદારીથી લાભ થાય. ખોટી ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર: દિવસ દરમિયાન ઉત્સાહ અનુભવાય. સંતાન દ્વારા લાભ થાય.
કુંભ: મનની ઈચ્છા પૂરી થાય. નાનો ખર્ચનો પ્રસંગ બને.
મીન: વાદ-વિવાદ ટાળવું હિતાવહ. આવક-જાવક સરભર રહે.

# માત પિતાની ઉપેક્ષા

## વૃદ્ધાવસ્થામાં ઘરડાં માતાપિતાને એકબીજાની હૂંફ અને સહારાની જરૂર હોય

આપણે સમાજમાં જોયું છે કે એક માતા પિતા પોતાના ચાર થી પાંચ સંતાનોનું સારી રીતે લાલનપાલન કરે છે.તેમનો સારી રીતે ઉછેર કરે છે. તેમને યોગ્ય શિક્ષણ આપે છે અને સંતાનોના તમામ લાડ કોડ પૂરા કરે છે.સંતાનોને સારી લાઈનદોરી આપી પરણાવી તેમનો ઘરસંસાર ચલાવવા પોતાનું સર્વસ્વ હોમી દે છે , એ આશાએ કે, મારુ સંતાન દુઃખી ન થાય અને એને જિંદગીમાં કોઈ તકલીફ ન પડે. માબાપ પોતાનાં બાળકો પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખતાં નથી. માબાપ સંતાનો પાસેથી ઝંખે છે માત્ર ને માત્ર એમનો પ્રેમ અને પોતાની વૃદ્ધાવસ્થામાં સંતાનો એમનાં ટેકણલાકડી બને એજ અપેક્ષા હોય છે.

પરંતુ એજ પુત્રોને પોતાના લગ્ન બાદ માતાપિતા આંખમાં પડેલા કણાની જેમ ખૂંચે છે. માવતર એમને બોજા સમાન લાગે છે. માતાપિતા પોતાની પાસે રહે તે આજના કળિયુગી શ્રવણોને ગમતું નથી. માબાપ પોતાની પાસે રહે એમાં એ લોકોને નાનપ અને પોતાની સામાજિક પ્રતિષ્ઠા જોખમાતી હોય એવું લાગે છે. આ લોકોને એમની આઝાદી છિનવાઈ જતી હોય એવું પ્રતીત થાય છે. આગળ જોયું તે પ્રમાણે એક માતાપિતા પોતાના ૪ થી ૫ સંતાનોનો સારી રીતે ઉછેર કરી શકે છે, પરંતુ એક માબાપને ૪ થી ૫ સંતાનો સાચવી શકતા નથી. આ આજના સમાજની વાસ્તવિકતા અને કટુ સત્ય છે. ઘણાં ઘરોમાં માબાપની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે. એમને શારિરીક અને માનસિક રીતે ત્રસ્ત કરવામાં આવે છે. એમનું નાની નાની વાતમાં અપમાન કરવામાં આવે છે. એમનાં કોઈ કોડ કે અરમાન પૂરા કરવામાં આવતાં નથી. વૃદ્ધાવસ્થામાં ઘરડાં માતાપિતાને એકબીજાની હૂંફ અને સહારાની જરૂર હોય ત્યારે એમને વિખૂટા પાડી દેવામાં આવે છે. ઘણાં પુત્રો તો પોતાનાં માવતરને ઘરડાઘરમાં મૂકતા પણ અચકાતા નથી. આજે પુત્રોને એક કૂતરો પાળવો પોષાય છે, પરંતુ માબાપ રાખવા પોષાતા નથી.

સત્ય હકીકત એ પણ છે કે જે સંતાનો માવતરની ઉપેક્ષા કરે છે, તેઓ ક્યારેય સુખી થઈ શકતાં નથી. એ લોકોને એટલી પણ સમજ નથી કે માબાપની સેવા અને એમનાં ચરણોમાં જ સાચું સુખ સમાયેલું છે. એક પંક્તિ ટાંકીને મારા વિચારોને વિરામ આપું છું.

" ચાહે લાખ કમાયે,ધન દૌલત, યે બંગલા
કોઠી બનાયી હૈ, માબાપ હી નાખુશ તેરે હૈ, બેકાર,
યે સારી કમાયી હૈ."

યોગેશભાઈ આર જોષી
હાલોલ: ૩૮૯ ૩૫૦
જિ.પંચમહાલ.

ફૂડ બિઝનેસ કરનારા વેપારીઓ વગેરે માટે જોગવાઈઓમાં કરાયો ફેરફાર

# ખાદ્ય ચીજોના લેબલિંગ અને પેકેજિંગ માટેના નિયમોમાં FSSAI દ્વારા સુધારા કરાયા

## ત્રણ માસથી ઓછી લાઈફવાળા ખાદ્ય પદાર્થના લેબલ ઉપર DD/MM/YY ફોર્મેટમાં ઉત્પાદન વિગત દર્શાવવી પડશે

ગાંધીનગર, તા.૫

ખાદ્ય પદાર્થોની લે-વેચ કરનારા માટે FSSAIએ કેટલાકનિયમોમાં સુધારાવધારા કર્યા છે. જેમાં ખાદ્ય પદાર્થના લેબલ ઉપર હવેથી ઉત્પાદન કર્યાની વિગત દિવસ,મહિનો, વર્ષના ફોર્મેટમાં દર્શાવવા સહિતના મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ફૂડ બિઝનેસ ઓપરેટર્સ માટે ખાદ્ય ચીજોના લેબલીંગ માટેના રેગ્યુલેશનમાં સુધારો કરવામાં આવ્યો છે. અગાઉ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્સ એકટ-૨૦૦૬ તથા તે અંગેના લેબલિંગ અને પેકેજિંગ રેગ્યુલેશન- ૨૦૧૧ મુજબ ફૂડ બિઝનેસ ઓપરેટર પ્રિ-પેકેજડ ખાધ ચીજના લેબલ ઉપર "બેસ્ટ બિફોર ડેટ" દર્શાવવાની જોગવાઈઓ હતી જેમાં સુધારો કરવામાં આવ્યો છે. ફૂડ સેફટી ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી,ના કોમ્પેન્ડીયમ તા. ૨૩/૦૯/ ૨૦૨૧ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એકટ-૨૦૦, અને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લેબલીંગ એન્ડ ડિસપ્લે) રેગ્યુલેશન, ૨૦૨૦ મુજબ ખાદ્ય ચીજોના લેબલીંગ અને પેકેજીગ માટેના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા છે. જે સુધારા મુજબ ત્રણ મહિનાથી ઓછી શેલ્ફ લાઈફ ધરાવતાં ખાદ્ય પદાર્થના લેબલ ઉપર ઉત્પાદન કર્યાની વિગત, DD/ MM/ YY ફોર્મેટમાં તેમજ ૩ મહિનાથી વધુ શેલ્ફ લાઈફ ધરાવતાં ખાદ્ય પદાર્થ માટે અંગ્રેજીમાં મહિનો લખવાનો રહેશે. જેમાં પ્રથમ ત્રણ અક્ષર કેપીટલ અને વર્ષ અથવા DD/ MM/YY ફોર્મેટમાં છાપવાની રહેશે

આ ઉપરાંત ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એકટ-૨૦૦૯, તથા તે અન્વયેના ફુડ સેફટી સ્ટાન્ડર્ડ્સ ( લેબલિંગ એન્ડ ડિસપ્લે) રેગ્યુલેશન, ૨૦૨૦નાં ચેપ્ટર ૨(લેબલિંગ ઓફ પ્રિ-પેકેજડ ફૂડ્ઝ) ના રેગ્યુલેશન નં. ૫(૧૦)(a) મુજબ "બેસ્ટ બિફોર ડેટ"ની જગ્યાએ "એક્સપાયરી ડેટ /યુઝ બાય ડેટ"ની વિગતો ફરજિયાત દર્શાવવાની રહેશે. ફુડના લેબલ ઉપર "બેસ્ટ બિફોર" વધારાની અથવા વૈકલ્પિક માહિતી તરીકે છાપી શકાશે. ફુડ બિઝનેસ ઓપરેટર પાસે બાકી રહેલ ઓલ્ડ પ્રિ-પ્રિન્ટેડ પેકેજિંગ મટિરિયલનો ઉપયોગ કરવા FSSAI દ્વારા તા.૧૪ નવેમ્બર,૨૦૧૭ના રોજ બહાર પાડવામાં આવેલા ઓર્ડર પ્રમાણે ફુડ બિઝનેસ ઓપરેટરે ફરજિયાતપણે સંલગ્ન ડેઝીગ્નેટેડ ઓફિસરની કચેરીમાં નિયત ફી ભરીને મંજૂરી મેળવવાની રહેશે ત્યારબાદ જ જૂના લેબલનો ઉપયોગ કરી શકાશે. જેનો તમામ ફુડ બિઝનેસ ઓપરેટર્સે તાત્કાલિક અમલકરવા તથા ફુડ બિઝનેસ ઓપરેટર્સે લેબલીંગ અને ડિસ્પ્લેના નવા નિયમોનું ચુસ્તપણે પાલન કરવા કમિશનરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના એક અનુમાને ટેન્શન વધાર્યું

# પાંચ વર્ષમાં આઠ કરોડ લોકોની નોકરીઓ ઉપર જોખમની શક્યતા

## ૧.૫ કરોડ લોકો એવા હશે જેમને નોકરી જ નહીં મળે એનો અર્થ એ થયો કે દુનિયામાં જેટલા લોકો નોકરી કરી રહ્યા છે તેમાંથી ૨ ટકા લોકોની રોજગારી છીનવાશે




નવીદિલ્હી, તા.૫

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દોરમાં નોકરીઓ ઉપર સંકટ હાલના દિવસમાં ચર્ચામાં છે. ખાસ કરીને ચેટજીપીટી આવ્યા બાદથી આશંકાઓ વધી ગઈ છે. હવે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના એક અનુમાને ટેન્શન વધાર્યું છે. ફોરમના એક રિપોર્ટમાં જણાવાયું છે કે આગામી ૫ વર્ષમાં ૮ કરોડ લોકોની નોકરીઓનો અંત આવી શકે છે. તેમાંથી ૧.૫ કરોડ લોકો એવા હશે જેમને કદાચ ક્યારેય નોકરી જ નહીં મળે અને તેઓ બેરોજગાર જ રહેશે. એનો અર્થ એ થયો કે હાલ દુનિયામાં જેટલા લોકો નોકરી કરી રહ્યા છે તેમાંથી ૨ ટકા લોકોની રોજગારી છીનવાઈ શકે છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ફ્યૂચર ઓફ જોબ્સ રિપોર્ટ ૨૦૨૩માં આ માહિતી સામે આવી હતી રિપોર્ટમાં જણાવાયું છે કે આગામી ૫ વર્ષમાં ૬.૯ કરોડ નવી નોકરીઓનું સર્જન થશે પણ ૮.૩ કરોડ નોકરીઓનો અંત આવી જશે. આ રીતે કુલ એકઝાટકે કુલ દોઢ કરોડ લોકો સામે બેરોજગાર થવાનું સંકટ સર્જાયું છે. આ આંકડો બહુ મોટો છે. ટેક્નોલોજી એડવાન્સ થવા, ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગને કારણે આ સંકટ ઊભું થશે. આટલું જ નહીં અમુક એવી નોકરીઓ પણ હશે જે ભલે ખતમ નહીં થાય પણ કર્મચારીઓના વર્તમાન કામકાજનું માળખું બદલાઈ જશે અને નવી ટેક્નોલોજી સાથે તાલમેલ બેસાડવો પડશે. અમુક એવા કેટલાક ફેક્ટર પણ છે જેના લીધે નોકરીઓ ઉપર માઠી અસર થવાની છે. તે છે મોંઘવારી, ધીમો આર્થિક વિકાસ, સપ્લાયમાં ઘટાડો વગેરે. રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયું છે કે ડિજિટલાઈઝેશનમાં વધારો થઈ રહ્યો છે. એવામાં પરંપરાગત નોકરીઓ ખતરા હેઠળ છે. આ રિપોર્ટમાં અમુક સેક્ટર પણ ગણાવાયા છે જેમાં નોકરી કરી રહેલા લોકો ખતરા હેઠળ આવી શકે છે. તેમાંથી એક બેન્કિંગ સેકટર પણ છે. બેન્કો સંબંધિત કામકાજ ઓનલાઈન થવાને લીધે ફિજિકલ બેન્ક બ્રાન્ચની જરૂરિયાત ઘટી રહી છે. તેના લીધે ક્લાર્ક, કેશિયર જેવી નોકરીઓ ઉપર સંકટના વાદળ ઘેરાયા છે. આટલું જ નહીં ઓટોમેશન, સેન્સર ટેક્નોલોજી, ઓનલાઈન ડિલિવરી જેવી સુવિધાઓને લીધે નવી નોકરીઓ ઉપર સંકટ સર્જાયું છે. આગામી ૫ વર્ષમાં એક તૃતીયાંશ નોકરીઓ ખતમ થઈ શકે છે. સૌથી વધુ સંકટ ડેટા કલાર્કની જોબ ઉપર છે. આ ઉપરાંત એકાઉન્ટિંગ, સેક્રેટરી જેવી નોકરીઓ ઉપર મુસીબત ઊભી થશે. જોકે એવા અનેક વ્યવસાય હશે જેમાં ઝડપથી માગ વધશે એટલે કે જોબ માર્કેટમાં આ સિલ્વર લાઈન હશે. આ સેક્ટર્સમાં ક્લાઉડ કમ્પ્યૂટિંગ, એઆઈ ટેક્નોલોજી સંબંધિત નોકરીઓ સામેલ છે. આ ઉપરાંત ઈલેક્ટ્રિકલ વ્હિકલ્સ માર્કેટમાં પણ નોકરીઓ બહાર આવશે.

# રાજનાથસિંહ માલદીવને ઝડપી પેટ્રોલિંગ જહાજ અને એક લેન્ડિંગ ક્રાફટ ભારત તરફથી ભેટમાં આપશે

નવીદિલ્હી તા.૫

ભારતીય રક્ષામંત્રી રાજનાથસિંહ ૧થી ૩ મે દરમિયાન માલદીવ ટાપુ રાષ્ટ્રની તેમની મુલાકાતે હતા તે દરમિયાન ભારત તરફથી "ભેટ" તરીકે માલદીવને એક ઝડપી પેટ્રોલિંગ જહાજ અને લેન્ડિંગ ક્રાફટ પ્રદાન કરશે. રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે રાજનાથસિંહની માલદીવની મુલાકાત બંને દેશો વચ્ચેની મિત્રતા માટે મહત્વપૂર્ણ સીમાચિહ્ન હશે. માલદીવ દેશ એ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના મુખ્ય દરિયાઈ પડોશીઓ પૈકી એક છે અને સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રો સહિત બંને દેશો વચ્ચે એકંદરે દ્વિપક્ષીય સંબંધો છેલ્લા કેટલાક વર્ષોથી વધી રહ્યા છે. માલદીવને સૈન્ય પ્લેટફોર્મ પ્રદાન કરવાનો ભારતનો નિર્ણય આ ક્ષેત્રમાં તેના એકંદર પ્રભાવને વિસ્તૃત કરવાના ચીનના સતત પ્રયાસો સામે છે. તેમની આ મુલાકાત દરમિયાન, સિંહ માલદીવના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહ સાથે મુલાકાત કરશે અને વિદેશપ્રધાન અબ્દુલ્લા શાહિદ અને સંરક્ષણ પ્રધાન મારિયા દીદી સાથે વાતચીત કરશે. રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મિત્ર દેશો અને આ ક્ષેત્રના ભાગીદારોની ક્ષમતાના નિર્માણ માટે ભારતની પ્રતિબદ્ધતાના અનુસંધાનમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ માલદીવના રાષ્ટ્રીય સંરક્ષણ દળોને એક ઝડપી પેટ્રોલિંગ જહાજ અને એક લેન્ડિંગ ક્રાફટ ભેટમાં આપશે. સિંઘ માલદીવમાં ભારત-સહાયિત વિવિધ પ્રોજેકટ્સના અમલીકરણની સમીક્ષા પણ કરશે અને ભારતીય સમુદાયના લોકો સાથે વાતચીત કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત અને માલદીવ્સ દરિયાઈ સુરક્ષા, આતંકવાદ, કટ્ટરવાદ, ચાંચિયાગીરી, તસ્કરી, સંગઠિત અપરાધ અને કુદરતી આફતો સહિતના પડકારોનો અસરકારક રીતે સામનો કરવા માટે કામ કરી રહ્યા છે. માલદીવના સંરક્ષણ અને વિદેશ પ્રધાનો સાથે સિંઘની વાટાઘાટો અંગે તેણે કહ્યું છે કે બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોની સમગ્ર શ્રેણીની સમીક્ષા કરવામાં આવશે. માલદીવ ભારતની નેબરહુડ ફર્સ્ટ નીતિના સૌથી મોટા લાભાર્થીઓ પૈકી એક દેશ છે. ગયા વર્ષે ઓગસ્ટમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ સોલિહે ભારત દ્વારા ભંડોળ પૂરૂ પાડવામાં આવેલ ગ્રેટર મેલ કનેક્ટિવિટી પ્રોજેકટ (GMCP)ની શરૂઆત કરી હતી, જેને ટાપુ રાષ્ટ્રમાં સૌથી મોટી માળખાકીય પહેલ તરીકે ગણવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ, માલદીવની રાજધાની માલેને વિલિંગલી, ગુલ્હીફાલ્હુ અને થિલાફુશીના સંલગ્ન ટાપુઓ સાથે જોડવા માટે ૬.૭૪-કિમી લાંબો પુલ અને કોઝવેલિંક બનાવવામાં આવશે.

# ભાજપે કર્ણાટકમાં સમાન સિવિલ કોડ અને NRC લાગુ કરવાનું વચન આપ્યું

બેંગ્લુરુ, તા.૫

સત્તારૂઢ ભાજપે જાહેર કરાયેલ ૧૦ મેની વિધાનસભા ચૂંટણી માટેના તેના ચૂંટણી ઢંઢેરામાં, કર્ણાટકમાં સમાન નાગરિક સંહિતા (UCC) અને નેશનલરજિસ્ટર ઑફ સિટિઝન્સ (NRC) લાગુ કરવાનું વચન આપ્યું. મેનિફેસ્ટો મુજબ પાર્ટીએ જાહેરાત કરી કે તે આ હેતુ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરશે. આ ઉપરાંત પાર્ટીએ કર્ણાટકમાં નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ (NRC)ની રજૂઆત કરવાનું પણ વચન આપ્યુંછે જેથી ગેરકાયદેસર વસાહતીઓને ઝડપી દેશનિકાલ કરવામાં આવે. ભારતનું બંધારણ આપણને યુનિફોર્મ સિવિલ કોડની દિશામાં આગળ વધવાની મંજૂરી આપે છે. બધાને ન્યાય,કોઈને પણ તુષ્ટિકરણ અમારી નીતિ નથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ જણાવ્યું હતું, જેઓ વિમોચન કાર્યક્રમમાં હાજર હતા. પાર્ટીએ કર્ણાટક પોલીસમાં ધાર્મિક કટ્ટરવાદ અને આતંક વિરુદ્ધ કર્ણાટક સ્ટેટ વિંગ (K-SWIFT) નામની વિશેષ પાંખ બનાવવાનું પણ વચન આપ્યું છે. યુસીસીની કલ્પના એવા કાયદા તરીકે કરવામાં આવે છે જે દેશના ધાર્મિક કાયદાઓને રદબાતલ કરશે જે મિલકત, વારસો, લગ્ન, છૂટાછેડા અને દત્તક લેવા સંબંધિત બાબતો સાથે વ્યવહાર કરે છે. કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ રાજયમાં યુસીસીના અમલીકરણનું વચન આપ્યુંછે. તેમના ટોચના વચનોમાં ગરીબી રેખા નીચે (BPL) પરિવારો માટે વાર્ષિક ત્રણ મફત રસોઈ ગેસ સિલિન્ડર પૂરા પાડવાનો સમાવેશ થાય છે, તેઓ દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનના દરેક વોર્ડમાં સબસિડીવાળા ખોરાક આપતી કેન્ટીન, અટલ આહાર કેન્દ્ર સ્થાપવાની પણ યોજના ધરાવે છે અને એવી યોજના કે જેમાં બીપીએલ પરિવારોને દરરોજ અડધો લિટર નંદિની દૂધ અને માસિક ૫ કિલો ચોખા અને અનાજ આપવામાં આવશે. ભાજપે મંદિર પ્રશાસન માટે ભક્તોને સંપૂર્ણ સ્વાયત્તતા આપવા અને મંદિરની આસપાસના સ્થાનિક વ્યવસાયોને ટકાઉ મંદિર અર્થતંત્ર બનાવવા માટે એક સમિતિની રચના કરવાનું વચન પણ આપ્યું છે. પાર્ટીએ કહ્યું કે જો તે સત્તામાં આવશે, તો તે કર્ણાટકને ભારતના સૌથી પ્રિય પ્રવાસનસ્થળમાં પરિવર્તિત કરવા ૧,૫૦૦ કરોડ રૂપિયા ફાળવશે.

# વોટ્સએપે માર્ચ ૨૦૨૩માં ૪૭ લાખથી વધુ ભારતીય વપરાશકર્તાના એકાઉન્ટ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો

(એજન્સી) તા.૫

મેટાની માલિકીની ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વોટસએપે માર્ચ ૨૦૨૩ માટે તેનો વપરાશકર્તા સુરક્ષા અહેવાલ બહાર પાડ્યો છે. આ રિપોર્ટમાં આ પ્લેટફોર્મ દ્વારા પ્રતિબંધિત ભારતીય એકાઉન્ટ્સની સંખ્યા, વપરાશકર્તાઓ તરફથી મળેલી ફરિયાદો અને આ સમયગાળા દરમિયાન અન્ય સંબંધિત વિગતોનો સમાવેશ થાય છે. તાજેતરના આ અહેવાલ મુજબ, માર્ચ ૨૦૨૩માં વોટસએપ ઉપર ૪૭ લાખથી વધુ ભારતીય એકાઉન્ટ્સ ઉપર પ્રતિબંધ મૂકવામા આવ્યો હતો. આ એકાઉન્ટ્ર્શ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિકસ કોડ) ૨૦૨૧ નિયમનના નિયમ ૪(૧)(d)નું પાલન કરીને પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. વોટસએપે આ એકાઉન્ટ્સને એટલા માટે પ્રતિબંધિત કર્યા હતા કારણ કે વપરાશકર્તાઓએ ભારતીય કાયદાઓ અથવા વોટસએપની સેવાની શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. ૧ માર્ચથી ૩૧ માર્ચ, ૨૦૨૩ની વચ્ચે, વોટસએપે ૪,૭૧૫,૯૦૬ ભારતીય વપરાશકર્તાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તેમાંથી, લગભગ ૧,૬૫૯,૩૮૫ એકાઉન્ટ્સ માટે વપરાશકર્તાઓ તરફથી કોઈ ફરિયાદ મળે તે પહેલાં વોટસએપ દ્વારા સક્રિયપણે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. આ પ્લેટફોર્મે તેની નિવારણ અને શોધ પધ્ધતિઓનો ઉપયોગ કરીત બાકીના એકાઉન્ટ સામે પગલાં લીધાં હતા. માર્ચમાં, વોટ્સએપે પાછલા મહિનાની તુલનામાં ઘણા વધુ એકાઉન્ટ્સ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો ૧ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ની વચ્ચે, વોટસએપે ૪,૫૯૭,૪૦૦ભારતીય વપરાશકર્તાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તેમાંથી લગભગ ૧,૨૯૮,૦૦૦ એકાઉન્ટ્સને વોટ્સએપ દ્વારા યુઝર્સ તરફથી કોઈ ફરિયાદ મળે તે પહેલા પ્રતિબંધિતકરવામાં આવ્યા હતા. આ નવીનતમ અહેવાલ

જણાવે છે કે વોટસએપને ૪,૭૨૦ ફરિયાદ પ્રાપ્તથી છે. તેમાંથી ૪,૩૧૬ ફરિયાદોમાં પ્રતિબંધની અપીલ કરવામાં આવી હતી પરંતુ વોટ્સએપે માત્ર ૫૫૩ એકાઉન્ટ સામે જ કાર્યવાહી કરી હતી પ્લેટફોર્મને સુરક્ષા સંબંધિત ૧૦ રિપોર્ટ્સપણ મળ્યા હતા પરંતુ વોટસએપે કોઈપણ એકાઉન્ટ સામે પગલાં લીધાં નથી. કેટલાક અહેવાલોમાં વોટસએપે વપરાશકર્તાઓની સમીક્ષા કર્યા પછી તેમને અવરોધિતકર્યા નથી કારણ કે વપરાશકર્તાઓને તેમના એકાઉન્ટ્સને એક્સેસ કરવા, કોઈ સુવિધાનો ઉપયોગ કરવા અને પ્રતિસાદ આપવા માટે સહાયની જરૂર હતી અથવા આ એકાઉન્ટે ભારતીય કાયદાઓ અથવા તેમની સેવાની શરતોનું ઉલ્લંઘન કર્યું નહતું વોટસએપે સ્પષ્ટ કર્યું છે કે તે દુરૂપયોગને રોકવા માટે આ ઉદ્યોગમાં અગ્રણી છે અને તેણે તેના વપરાશકર્તાઓને સુરક્ષિત રાખવા માટે આર્ટિફિશિયર્ટ ઈન્ટેલિજન્સ, ડેટા વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો સાથે કામ કરે છે. અ પ્લેટફોર્મ તેના દુરૂપયોગને અટકાવવા માટેની પ્રક્રિયાઓનું સતત પાલન કરે છે. માર્ચ ૨૦૨૩ મહિના માટેનો રિપોર્ટ દર્શાવે છે કે વપરાશકર્તા-સુરક્ષા રિપોર્ટમાં વપરાશકર્તાની ફરિયાદો અને વોટસએપદ્વારા લેવાયેલા અનુરૂપ પગલાંની વિગતો તેમજ આર પ્લેટફોર્મના દુરૂપયોગ સામે પગલાં લેવા માટે વોટસએપ દ્વારા નિવારક પગલાં લેવામાં આવે છે.

# એપ્રિલમાં અત્યાર સુધીનું સર્વોચ્ચ માસિક GST કલેક્શન : રૂા.૧.૮૭ લાખ કરોડની વિક્રમી આવક થઈ

નવી દિલ્હી તા.૫

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેકશને નવો વિક્રમ બનાવ્યો છે. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર એપ્રિલ મહિનામાં GST કલેકશન ૧૨ ટકા વધીને રેકોર્ડ બ્રેક ૧.૮૭ લાખ કરોડ રૂપિયા નોંધાયુ છે, જે અત્યાર સુધીનું સૌથી વધુ માસિક જીએસટી આવક છે. નોંધનીય છે કે, ભારતમાં જુલાઈ ૨૦૧૭માં નવી કર પ્રણાલી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ કરવામાં આવી હતી. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર એપ્રિલ ૨૦૨૩માં ૧,૮૭,૦૩૫ કરોડ રૂપિયાનું જીએસટી કલેકશન થયુ છે, જે વાર્ષિક તુલનાએ ૧૨ ટકા વધારે છે. એપ્રિલ ૨૦૨૨મમાં જીએસટી પેટે સરકારને ૧૬૭૫૪૦ કરોડની આવક થઈ હતી. તો માર્ચ ૨૦૨૩ની તુલનાએ એપ્રિલમાં જીએસટી કલેકશન ૧૬.૮ ટકા વધ્યું છે. આ સાથે સતત ત્રીજા મહિને જીએસટી કલેકશનમાં વધારો થયો છે. ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ સમાપ્ત થયું છે. નાણાં મંત્રાલયે જણાવ્યું કે, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ જીએસટી કલેકશન ૧૮.૧૦ લાખ કરોડ રૂપિયા નોંધાયુ છે, જે અગાઉના વર્ષની તુલનામાં ૨૨ ટકા વધાર છે. એપ્રિલ ૨૦૨૩ના જીએસટી કલેકશનના આંકડાઓ પર નજર કરીયે તો કુલ ૧,૮૭,૦૩૫ કરોડ રૂપિયાની કર વસૂલાત કરવામાં આવી છે. જેમાં સેન્ટ્રલ જીએસટી (CGST) પેટે ૩૮,૪૪૦ કરોડ રૂપિયા અને સ્ટેટ જીએસટી પેટે (SGST) ૪૭,૪૧૨ કરોડ રૂપિયા અને ઈન્ટિગ્રેટેડ જીએસટી (IGST) પેટે ૮૯,૧૫૮ કરોડ રૂપિયા તેમજ સેસ પેટે ૧૨૦૨૫ કરોડ રૂપિયાની વસૂલાત કરવામાં આવી છે.

# અદાણી ગ્રુપની તપાસ માટે SEBI વધુ સમય શા માટે માંગી રહી છે ?




મુંબઈ તા.૫

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ અદાણી જૂથના 'સ્ટોક મેનીપ્યુલેશન'ના હિન્ડનબર્ગના આરોપોની તેની તપાસ પૂર્ણ કરવા માટે વધુ છ મહિનાનો સમય માંગ્યો છે. તેણે સુપ્રીમ કોર્ટમાં આ મામલે અરજી આપી છે. સેબીએ આ અરજીમાં જણાવ્યું હતું કે, ઉપરોકત સંજોગોને ધ્યાનમાં રાખીને સાચા નિષ્કર્ષ ઉપર પહોંચવામાં અને તપાસ પૂર્ણ કરવામાં વધુ સમય લાગશે. શંકાસ્પદ વ્યવહારોના સંદર્ભમાં નિયમન અને છેતરપિંડી અને/ અથવા વ્યવહારોની છેતરપિંડીની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને સેબીને સામાન્ય રીતે આ વ્યવહારોની તપાસ પૂર્ણ કરવામાં ઓછામાં ઓછા ૧૫ મહિનાનો સમય લાગશે, પરંતુ છ મહિનાની અંદર તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે. સેબીએ જણાવ્યું હતું કે, યોગ્ય તપાસ કરવા અને યોગ્ય તારણો ઉપર પહોંચવા માટે તે ન્યાયના હિતમાં રહેશે કે સુપ્રીમ કોર્ટ ઓછામાં ઓછા છ મહિના સુધી તપાસ પૂર્ણ કરવા માટેનો આ સમય લંબાવે. સુપ્રીમ કોર્ટે ૨ માર્ચે પોતાના આદેશમાં સેબીને તપાસ ઝડપથી પૂર્ણ કરવા અને સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા જણાવ્યું હતું. રિપોર્ટ સબમિટ કરવાની અંતિમ તા.૨ મે હતી. સેબીએ જણાવ્યું હતું કે, કંપનીઓ પાસેથી મળેલા જવાબો અને દસ્તાવેજો/માહિતી તેમજ સ્વતંત્ર ચકાસણીની પુર્નઃ પુષ્ટિ માટે સમયની જરૂર પડશે. સેબીનું કહેવું છે કે, આ વ્યવહારો જટિલ છે અને તેમાં બહુવિધ લિંકડ ટ્રાન્ઝેકશન્સ છે અને આ ટ્રાન્ઝેકશન્સની તપાસ માટે ડેટાના મેચિંગની જરૂર પડશે. કંપનીઓ દ્વારા કરાયેલી સબમિશનનું વિગતવાર પૃથ્થકરણ, વેરિફિકેશનની સાથે વિવિધ સ્ત્રોતોમાંથી માહિતી મેળવવાની રહેશે. એટલા માટે વધુ સમયની જરૂર છે. તેણે એમ પણ કહ્યું છે કે, આ પૃથ્થકરણમાં નીચેનાની વિગતવાર તપાસનો સમાવેશ થશે- લિસ્ટેડ એન્ટિટી અને અનલિસ્ટેડ એન્ટિટીના નાણાકીય નિવેદનો, ટ્રાન્ઝેક્શનમાં સામેલ મોરેશિયસ એન્ટિટીના નાણાકીય નિવેદનો, વાર્ષિક અહેવાલો, બેલેન્સ શીટ્સ, ત્રિમાસિક નાણાકીય નિવેદનો અને અન્ય જાહેરાતો, સ્ટોક એક્સચેન્જોની માહિતી, બોર્ડ ઓફ ડિરેકટર્સ અને ઓડિટ સમિતિની સૂચનાઓ અને તેમાં સંબંધિત સમયગાળા માટે સંબંધિત સંસ્થાઓના બેંક સ્ટેટમેન્ટની તપાસ, વિવિધ સ્થાનિક અને વિદેશી સંસ્થાઓ વચ્ચેના વ્યવહારો, કરારો અને કરારો, અન્ય સહાયક દસ્તાવેજોનો સમાવેશ થાય છે. સેબીએ જણાવ્યું હતું કે, મોટાભાગની તપાસની જેમ, મેળવેલી માહિતી મેળવવામાં અને વિશ્લેષણ કરવામાં વધુ માહિતી સામે આવે છે અને આ પ્રક્રિયા ખાસ કરીને સમય માંગી લેતી હોય છે. ૨ માર્ચે પસાર કરાયેલા તેના આદેશમાં સુપ્રીમ કોર્ટે હિન્ડનબર્ગ રિસર્ચ રિપોર્ટની પૃષ્ઠભૂમિની તપાસ માટે નિષ્ણાત સમિતિની જાહેરાત કરી હતી. જો કે, હિન્ડનબર્ગના અહેવાલને અદાણી જૂથે ફગાવી દીધો હતો. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, તાજેતરના ભૂતકાળમાં બજારમાં જે પ્રકારની અસ્થિરતા જોવા મળી હતી તેનાથી ભારતીય રોકાણકારોને બચાવવા માટે અમારૂં માનવું છે કે, વર્તમાન નિયમનકારી માળખાનું મૂલ્યાંકન કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવી યોગ્ય રહેશે. સર્વોચ્ચ અદાલતે તે સમયે કહ્યું હતું કે, એવું લાગે છે કે, અદાણી જૂથની કંપનીઓ ઉપર લાગેલા આરોપોની તપાસ સેબીના હાથમાં છે.

# મેટ ગાલામાં પ્રિયંકા ચોપરાએ પહેર્યો ૧૧ કેરેટ ડાયમંડનો નેકલેસ

## પ્રિયંકા ચોપરાએ તેના ઈન્સ્ટાગ્રામ પર રેડ કાર્પેટ પર ચાલતા પહેલાની કેટલીક તસવીરો શેર કરી છે





### કરોડો નહીં અરબોમાં છે કિંમત

મુંબઈ,

ન્યૂયોર્ક શહેરમાં પહેલી મેથી દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત ફેશન ઈવેન્ટમાંથી ગણાતા એક મેટ ગાલા ૨૦૨૩ની શરૂઆત થઈ ગઈ છે. જેમાં બોલિવુડ એક્ટ્રેસિસે પણ ભાગ લીધો છે, જેમાંથી એક પ્રિયંકા ચોપરા છે. એક્ટ્રેસે ઈવેન્ટના પહેલા જ દિવસે પતિ નિક જોનસ સાથે રેડ કાર્પેટ પર એન્ટ્રી મારી હતી. આ વખતની થીમ 'કાર્લ લેગરફેલ્ડઃ એ લાઈન ઓફ બ્યૂટી' છે, ત્યારે કપલે દિવંગત ડિઝાઈનર કાર્લ લેગરફેલ્ડને શ્રદ્ધાંજલિ આપતાં તેમના ફેવરિટ બ્લેક કલરના આઉટફિટમાં ટ્વિનિંગ કર્યું હતું. પ્રિયંકા અને નિક તેમની દીકરી માલતી મેરી તેમજ પાલતુ શ્વાન ડાયેનાને પણ સાથે લઈ ગયા છે. ઈવેન્ટ દરમિયાનની બંનેની કેટલીક તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થયા છે. પ્રિયંકા ચોપરાએ તેના ઈન્સ્ટાગ્રામ પર રેડ કાર્પેટ પર ચાલતા પહેલાની કેટલીક તસવીરો શેર કરી છે. જેમાં તે બ્લેક કલરના થાઈ હાઈ સ્લિટ અને ઓફ શોલ્ડર ગાઉનમાં ગજબની સુંદર લાગી રહી છે. આ સાથે તેણે ડાયમંડની જ્વેલરી પહેરી છે, વાળ બાંધીને રાખ્યા છે તેમજ હાઈ હીલ્સ પહેરીને લૂકને પૂરો કર્યો છે. આ પોસ્ટમાંથી એક તસવીરમાં તે પતિ નિક જોનસ સાથે દેખાઈ રહી છે. કેપ્શનમાં લખ્યું છે 'મેનો પહેલો સોમવાર'. એક્ટ્રેસનો આ લૂક તેના ફેન્સને ખૂબ જ પસંદ આવ્યો છે અને તેઓ તેના વખાણ કરી રહ્યા છે. કેટલાક ફેન્સે રેડ હાર્ટ અને ફાયર ઈમોજી ડ્રોપ કર્યા છે તો કેટલાકે તેને 'ગોડેસ' ગણાવી છે. નિક જોનસે પણ તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે તેની 'ફેવરિટ ગર્લ્સ' સાથે પોઝ આપતો દેખાયો. પહેલી તસવીરમાં પ્રિયંકા અને તે એકબીજામાં ખોવાયેલા છે જ્યારે બીજી તસવીરમાં અમેરિકન સિંગરે માલતીને તેડી છે, જે તેની ટાઈ સાથે રમી રહી છે. આ સાથે લખ્યું છે 'પ્રી મેટ વિશ માય ગર્લ્સ. પ્રિયંકા અને નિકનો ઈવેન્ટ દરમિયાનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં બંને એકબીજાનો હાથ પકડીને સીડી ચડી રહ્યા હોય છે ત્યારે ફોટોગ્રાફર્સ તેના નામની બૂમ પાડવા લાગે છે. તો નિક પણ એક સપોર્ટિંગ પતિ તરીકે ત્યાંથી સહેજ આગળ ખસી જાય છે અને તેને આરામથી પોઝ આપવા દે છે. આ વીડિયો જોઈ ફેન્સ તેમને 'કિંગ' અને 'ક્વીન' કહી રહ્યા છે. પ્રિયંકા ચોપરાના લૂકમાં જો કોઈ વસ્તુ સૌથી વધારે આકર્ષણનું કેન્દ્ર રહી હોય તો તે હતો તેનો હીરાજડિત નેકલેસ. તેણે ૧૧.૬ કેરેટ ડાયમંડનો નેકલેસ પહેર્યો હતો, જે બુલગારીનો હતો. જો વહેતી થયેલી ખબરોનું માનીએ તો આ નેકલેસની કિંમત કરોડો નહીં પરંતુ અરબોમાં છે. રિપોર્ટ્સ પ્રમાણે આ નેકલેસ અધધધ... ૨૦૪ કરોડ રૂપિયાનો છે. જેની મેટ ગાલાની પૂર્ણાહૂતિ બાદ હરાજી કરવામાં આવશે.

# અશનીરે લકી ડ્રો દ્વારા ૧ ૨ લાખની કિંમતની બાઈક જીતી હતી



મુંબઈ,

શાર્ક ટેંક ફેમ અશનીર ગ્રોવર છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં છે. તે આરજે અનમોલ અને અમૃતા રાવના પોડકાસ્ટ પર દેખાયો. ત્યાં તેણે પોતાની લવ લાઈફ વિશે ઘણા રસપ્રદ ખુલાસા કર્યા છે. અશનીર ગ્રોવર અને માધુરી જૈને જણાવ્યું કે લગ્ન પછી તેઓ મુંબઈમાં ૧મ્ઉઁદ્ધ ફ્લેટમાં રહેતા હતા. દંપતીએ આ બિલ્ડીંગની મુલાકાત લીધી અને જૂની યાદો તાજી કરી હતી. માધુરીએ જણાવ્યું કે જ્યારે પતિ કામ પરથી પાછો આવતો ત્યારે તે બહારથી ટામેટાં લાવવાનું કહેતી હતી, પરંતુ હવે ત્યાં ઘણું બદલાઈ ગયું છે. પહેલા જેવું કંઈ નથી. ૧૬ વર્ષ પહેલાના પોતાના જીવનની યાદ તાજી કરતા બંનેએ જણાવ્યું કે તેઓ કામના કારણે દિલ્હીથી મુંબઈ શિફ્ટ થયા હતા. માધુરીએ કહ્યું, અમારા ઘરે ટેબલ પણ નહોતું. અમે જમીન પર બેસીને ભોજન લેતા હતા. અમે અમારા એક મહિનાના પગારથી ફર્નિચર ખરીદ્યું હતું. એકવાર અશનીરે લકી ડ્રો દ્વારા ૧૨ લાખની કિંમતની બાઈક જીતી હતી. આ સાથે માધુરીએ જણાવ્યું કે તેઓ ૪૮,૦૦૦ રૂપિયાના પગાર સાથે મુંબઈમાં પોતાનું જીવન જીવી રહ્યા હતા. અશનીરના પત્નીએ કહ્યું કે, 'અમે ૧૬,૦૦૦ રૂપિયા ભાડું આપતા હતા અને બાકીના પગારમાં અમે મૂવી જોવા જતા હતા. એટલું જ નહીં અમે યુએસ અને કેનેડા પણ જતા હતા કારણ કે ત્યારે ડોલર ૪૦ રૂપિયા હતો. આ સિવાય બંનેએ પોતાની ખાસ પળો પણ શેર કરી હતી. અશનીરે કહ્યું, 'કશું ખાસ નહોતું. માત્ર એક જ બાથરૂમ હતું. માધુરીએ કહ્યું કે - અમે બંને સાથે ન્હાતા હતા. એક જ બાથરૂમ હતું અને ઓફિસ જવાનો સમય પણ થઈ જતો હતો. માધુરીએ જણાવ્યું કે જ્યારે અશનીર મુંબઈમાં હતો ત્યારે તે ખૂબ જ રોમેન્ટિક હતો. જ્યારે જન્મદિવસ જેવો કોઈ ખાસ પ્રસંગ હોય ત્યારે જ અમે એકબીજાને ભેટ આપીએ છીએ. અમે સાથે ખરીદી કરવા જતા. પરંતુ એકવાર મારા જન્મદિવસ પર અશનીર મારા માટે એક રિંગ લાવ્યો હતો અને મને તેની બિલકુલ અપેક્ષા નહોતી. દંપતીએ ખુલાસો કર્યો કે તેમની પ્રથમ પ્રેગ્નેન્સી ખૂબ જટિલ હતી.

# ઈશા ગુપ્તાએ બ્રાલેસ થઈને પહેર્યો ન દેખાવાનું દેખાય એવો ડ્રેસ

## ઈશા ગુપ્તાને હાલમાં જ એક વ્હાઈટ મિડી સી-થ્રુ બોડીકોન ડ્રેસમાં સ્પોટ કરવામાં આવી હતી, આ દરિયાન તે બ્રાલેસ જોવા મળી હતી





મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ એશા ગુપ્તા તેની બોલ્ડનેસ માટે ઘણી ફેમસ છે. ફિલ્મો કરતાં પણ તે એક યા બીજા હોટ ફોટોશૂટ કે વીડિયો માટે ચર્ચામાં રહે છે. આ દરમિયાન, તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર લાઈમલાઈટ મેળવી રહ્યો છે, જેમાં તે ખૂબ જ હોટ અને બોલ્ડ જોવા મળી રહી છે. જો કે, આ વખતે પણ ઘણા લોકોને તેનો બોલ્ડ લુક પસંદ નથી આવ્યો, જેના કારણે તે ખૂબ જ ટ્રોલ થઈ રહી છે. સોશિયલ મીડિયા યુઝર્સે તેને અરીસામાં જોવા માટે કહ્યું છે. આગળ જાણો શું છે મામલો. ઈશા ગુપ્તાને હાલમાં જ એક વ્હાઈટ મિડી સી-થ્રુ બોડીકોન ડ્રેસમાં સ્પોટ કરવામાં આવી હતી. આ દરિયાન તે બ્રાલેસ જોવા મળી હતી. તેનો ડ્રેસ ખૂબ જ રિવીલિંગ હતો. તેનો આ વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. તેમાં તે ફેન્સ સાથે ફોટો ક્લિક કરાવતી જોવા મળી અને તેની સાથે કેટલાંકે સેલ્ફી પણ ક્લિક કરાવી. વીરલ ભયાનીએ આ વીડિયો પોસ્ટ કર્યો છે જે જોતજોતામાં વાયરલ થઈ ગયો છે. ઈશા આ ડ્રેસમાં પોતાનું સેક્સી ફિગર ફ્લોન્ટ કરી રહી હતી, પરંતુ આના કારણે ઘણા નેટીઝન્સ નારાજ થઈ ગયા. લોકો તેને જોરદાર ટ્રોલ કરી રહ્યા છે. એક યુઝરે કહ્યું, 'બહાર જતા પહેલા તમે અરીસો નથી જોતા?' અન્ય યુઝરે કહ્યું, 'અરે દીદી, કંઈક તો શરમ કરો. ઈશા ગુપ્તા સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે તેના ફેન્સમાં ચર્ચામાં રહેવા માટે અવારનવાર રસપ્રદ પોસ્ટ શેર કરતી જોવા મળે છે. તેની દરેક પોસ્ટ ઘણી ચર્ચામાં રહે છે. જણાવી દઈએ કે, તે બોલ્ડ વેબ સિરીઝ 'આશ્રમ ૩' માં ખૂબ જ ગ્લેમરસ રોલમાં જોવા મળી હતી. આ સિરીઝમાં તેણે બોબી દેઓલ સાથે ઘણા ઈન્ટીમેટ સીન્સ પણ આપ્યા હતા, જે આખા મહિના દરમિયાન સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય રહ્યા હતા.

### ED ચાર્જશીટમાં નામ આવતા શરૂ થઈ ચર્ચા

# શું મુલતવી રહેશે પરિણીતી અને રાઘવ ચઢ્ઢાની સગાઈ?





### બંનેની ઉંમર ૩૪ વર્ષ છે, તેમણે એકસાથે UKમાં અભ્યાસ કર્યો છે અને હવે હંમેશાં માટે એકબીજાના થવા જઈ રહ્યા છે

મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ પરિણીતી ચોપરા સાથે લગ્ન થાય તે પહેલા જ આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ ઈઢ્ઢની સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં આવી ગયું છે. પણ, આ નામ ચાર્જશીટમાં આરોપી તરીકે નથી. માત્ર EDએ તે નામ મેન્શન કર્યું છે. જેથી હવે એવું લાગી રહ્યું છે કે તેની જે સગાઈ થવાની છે તેમાં તે પહોંચી શકશે કે નહીં. કારણકે, થોડા દિવસો પહેલા બોલિવૂડ એક્ટ્રેસ પરિણીતી ચોપરા અને આપના નેતા રાઘવ ચઢ્ઢા મુંબઈમાં સાથે જોવા મળ્યા હતા. રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરા યુકેમાં સાથે ભણ્યા છે. હવે લાગી રહ્યું છે કે, વર્ષો જૂની તેમની મિત્રતામાં પ્રેમનો અંકુર ફૂટ્યો છે. એક અહેવાલ પ્રમાણે, પરિણીતી અને રાઘવ ખરેખર એકબીજાને ડેટ કરી રહ્યા છે. સૂત્રોના હવાલેથી અહેવાલમાં ટાંકવામાં આવ્યું છે કે, હા, પરિણીતી અને રાઘવ ડેટ કરી રહ્યા છે અને તેઓ સાથે ખુશ છે. તેઓ લાંબા સમયથી એકબીજાને ઓળખે છે પરંતુ થોડા સમય પહેલા જ બંનેની મિત્રતા પર પ્રેમનો રંગ ચઢ્યો હતો. સૂત્રોના કહેવા પ્રમાણે, બંનેના ઘણાં શોખ મળતાં આવે છે પરંતુ તેમને જોડતી મુખ્ય બાબત એ છે કે, બંને જણાં જિંદગીને ખુલીને જીવવામાં માને છે. રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરા એમ બંનેએ તેમના સંબંધો વિશે કશું કહ્યું નથી, તેમણે લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં એક્સાથે અભ્યાસ કર્યો છે. જો કે, એક અહેવાલ મુજબ તેઓ બંનેના પરિવારોએ લગ્ન અંગેની ચર્ચા શરૂ કરી દીધી છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે રાઘવ અને પરિણીતી ચોપરા એમ બંને એકબીજાને પસંદ કરતા હતા. બોલિવૂડ એક્ટ્રેસ પરિણીતી ચોપરા અને આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢા એક રેસ્ટોરન્ટમાં ક્વોલિટી ટાઈમ પસાર કરતા જોવા મળ્યા ત્યારથી ડેટિંગની અફવાઓ વાયરલ થઈ હતી. જો કે, રિપોર્ટ્સ અનુસાર તેમના પરિવારો ફંક્શન (રોકા ફંક્શન)ની તૈયારી કરી રહ્યા હતા. બંનેની ઉંમર ૩૪ વર્ષ છે, તેમણે એકસાથે ઙ્ઘમાં અભ્યાસ કર્યો છે અને હવે હંમેશાં માટે એકબીજાના થવા જઈ રહ્યા છે રાઘવ અને પરિણીતીએ ડિનર તેમજ લંચ માટે મુલાકાત કરી હોવાની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તેમની ડેટિંગની અફવાઓને વેગ મળ્યો હતો.

# મે મારપીટ કરી હોત તો ઐશ્વર્યા રાય બચી ન હોત

મુંબઈ,

સલમાન ખાન તેની ફિલ્મો કરતાં તેની લવ લાઈફને કારણે વધુ ચર્ચામાં રહે છે. પોતાના ફિલ્મી કરિયરમાં સલમાનનું નામ ઘણી હિરોઈન સાથે જોડાયું હતું. ખાસ કરીને ઐશ્વર્યા રાય સાથેના તેના રિલેશન સૌથી વધુ ચર્ચામાં રહ્યા હતા. ઐશ્વર્યા અને સલમાનની લવસ્ટોરીના કિસ્સા આજે પણ ફેમસ છે. સલમાન અને ઐશ્વર્યા ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'ના શૂટિંગ દરમિયાન એકબીજાની નજીક આવ્યા હતા. આ પછી બંનેની લવસ્ટોરી શરૂ થઈ. જો કે આ લવ સ્ટોરીનો અંત ખૂબ જ દુઃખદ હતો. ઐશ્વર્યાએ સલમાન પર તેને હેરાન કરવાનો અને મારપીટ કરવાનો આરોપ લગાવ્યો હતો. સલમાનથી અલગ થયા બાદ એશે તેના પર હિંસા અને મારપીટના ઘણા આરોપો લગાવ્યા હતા. એક એવોર્ડ ફંક્શનમાં ઐશ્વર્યાના ચહેરા પર મારપીટના નિશાન પણ જોવા મળ્યા હતા. ૨૦૦૨માં, ઐશ્વર્યાએ એક ઈન્ટરવ્યુ આપ્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે, "મેં તેના નશામાં ધૂત દુર્વ્યવહારને સૌથી ખરાબ રીતે સહન કર્યો અને બદલામાં મને શારીરિક, મૌખિક અને ભાવનાત્મક દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો. તેની બેવફાઈ અને અપમાનનો શિકાર બનવું પડ્યુ. આ કારણે મેં કોઈપણ અન્ય સ્વાભિમાની સ્ત્રીની જેમ અમારા સંબંધોનો અંત લાવ્યો. તે જ સમયે, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં સલમાન ઐશ્વર્યાના આ આરોપોનો જવાબ આપતા જોવા મળી રહ્યો છે. ઐશ્વર્યાનું નામ લીધા વિના સલમાન કહે છે, "હવે મહિલાએ કહ્યું છે તો મારી પાસે કહેવા માટે શું છે ". અને જ્યારે રિપોર્ટરે સલમાનને પૂછ્યું કે શું તમે તેમાં પડવા નથી માંગતા, તો સલમાને કહ્યું, "જો હું કોઈને મારીશ, તો દેખીતી રીતે લડાઈ થશે. હું ગુસ્સે થઈશ. પછી તે સમયે ખૂબ જ જોરથી મારીશ. તે સમયની વાત કરીએ તો, મને નથી લાગતું કે જો મેં તેને માર્યું હોત તો તે તેનાથી બચી હોત. સલમાને આગળ કહ્યું, 'ના, આ સાચું નથી અને મને ખબર નથી કે આવું કયા કારણસર કહેવામાં આવ્યું હતું.

# થોડા મહિના પહેલા મળી હતી નોટિસ : આસિત મોદી


## કવિતાઓ અને શાયરીથી મને ટાર્ગેટ કરવું તે તેમને શોભતું નથી, મને તેમના આ વર્તનથી દુઃખ થાય છે, ગત વર્ષે મેકર્સ અને શૈલેષ વચ્ચે થઈ હતી બોલાચાલી



મુંબઈ,

ટીવી પર લાંબા સમયથી પ્રસારિત થઈ રહેલા શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માંથી શૈલેષ લોઢાએ એક્ઝિટ લીધી તેને એક વર્ષ કરતાં વધુ સમય થઈ ગયો છે પરંતુ પ્રોડ્યૂસર આસિત કુમાર મોદી અને તેમની વચ્ચે મુદ્દાઓ હજી પણ વણઉકેલ્યા છે. TMKOCમાં ૧૪ વર્ષ સુધી તારક મહેતાનું રોલ ભજવનારા આ એક્ટરે મેકર્સ સામે ફીની બાકી ચૂકવણી ન કરવા બદલ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલમાં કેસ કર્યો હતો. આ વાત આસિતને જરાય પસંદ ન હોવાનું લાગી રહ્યું છે. તેમનું કહેવું છે કે, શૈલેષે જે રીતે સ્થિતિને હેન્ડલ કરી તેનાથી તેમની લાગણીઓને ઠેસ પહોંચી છે. આસિત કુમાર મોદીએ કહ્યું હતું કે 'મને થોડા મહિના પહેલા નોટિસ મળી હતી અને કારણ હું સમજી શક્યો નહોતો. કારણ કે, મેં ક્યારેય પણ તેમનું બાકી ફી ચૂકવવાનો ઈનકાર કર્યો નથી. હકીકતમાં, તેમને ફોર્માલિટી પૂરી કરવાની બાકી હોવાથી અમે નિયમિત બાકી ફી અંગે ઈમેલ અને ટેક્સ્ટ મોકલતા હતા. દરેક સંસ્થામાં આ જ રીતે કામ થાય છે. જો કે, તેઓ ફોર્માલિટી પૂરી કરવા માગતા નહોતા. શૈલેષ લોઢા શોમાં પરત ફરશે તેવી પ્રોડક્શન હાઉસને આશા હતી. જો કે, તેમ થયું નહીં અને ગત સપ્ટેમ્બરમાં સચિન શ્રોફે તેમને રિપ્લેસ કર્યા હતા. આ અંગે પ્રોડ્યૂસરે કહ્યું હતું કે 'જ્યારે તમે ઘણા વર્ષ સુધી સાથે કામ કરો ત્યારે, અસહમતિ અને નાના ઝઘડા થાય તે સામાન્ય વાત છે. શું પરિવારના સભ્યો પણ લડાઈ નથી કરતાં? તેઓ બહાર કામ કરવા ઈચ્છતા હતા અને કવિ સંમેલનમાં ભાગ લેવો હતો. પરંતુ TMKOC દૈનિક ધારાવાહિક સીરિયલ છે અને તેની ટીમ મોટી છે, તેથી અમે તેમની વિનંતી મંજૂરી કરીએ તે શક્ય નહોતું. ગત વર્ષે એપ્રિલમાં આ વિશે અમારી થોડા બોલાચાલી થઈ હતી. જે બાદ તેઓ શૂટ પર પરત આવ્યા નહોતા. તેમણે ઉમેર્યું હતું કે 'શૈલેષજી આત્મસન્માન વિશે વાત કરે છે, તો ભાઈ અમારે પણ આત્મસન્માન છે. કવિતાઓ અને શાયરીથી મને ટાર્ગેટ કરવું તે તેમને શોભતું નથી. મને તેમના આ વર્તનથી દુઃખ થાય છે. અમારી વચ્ચે સારું બોન્ડિંગ હતું. મેં ક્યારેય તેમના માટે ખરાબ શબ્દો કર્યા નથી અને તેમના કામનું સન્માન કર્યું છે. તેઓ એક્ટર નહોતા તેમ છતાં મેં તેમને ટાઈટલ રોલ ઓફર કરવાનું જોખમ લીધું હતું અને એક દિવસ ઝઘડો થયો તો વ્યક્તિ ખરાબ થઈ ગયો. સીરિયલની ટીમમાંથી જ્યારે પણ કોઈ એક્ઝિટ લે છે ત્યારે મને દુઃખ થાય છે. તેમણે શો છોડ્યો હતો, અમે ક્યારેય તેમને જવાનું કીધું નહોતું. જો શો છોડવા માગતા હોય તો અમે ત્રણ મહિનાનો નોટિસ પીરિયડ ભરવા પણ કહ્યું હતું.

# પદ્મિની કોલ્હાપુરી અને નીતુ કપૂરે કર્યો નાટુ નાટુ પર ડાન્સ



મુંબઈ,

હિન્દી સિનેમાનાં પીઢ અભિનેત્રી નીતુ કપૂર વર્ષોથી ફિલ્મોથી દૂર છે, પરંતુ તેઓ સોશિયલ મીડિયા પર ઘણાં એક્ટિવ છે. તેઓ અવારનવાર કોઈકને કોઈક વીડિયો કે ફોટો પોસ્ટ કરતાં જ રહે છે. ત્યારે હવે તેઓ ફરી એકવાર ચર્ચામાં આવ્યાં છે. કારણ કે, આ વખતે હિન્દી સિનેમાનાં પીઢ અભિનેત્રી પદ્મિની કોલ્હાપુરેએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેઓ નીતુ કપૂર સાથે નાટૂ નાટૂ ગીત પર ડાન્સ કરતા જોવા મળી રહ્યાં છે. આ બંને અભિનેત્રીના ફેન્સને તેમનો આ વીડિયો ખૂબ પસંદ આવી રહ્યો છે. મહત્વનું છે કે, ફિલ્મ આરઆરઆરના નાટૂ નાટૂ ગીતને હાલમાં જ ઓસ્કર મળ્યો હતો. જોકે, પહેલાંથી જ આ ગીત ખૂબ જ ફેમસ છે. ત્યારે હવે અભિનેત્રી પદ્મિની કોલ્હાપુરે અને નીતુ કપૂરે એકસાથે નાટૂ નાટૂ ગીત પર ડાન્સ કરતો વીડિયો શેર કર્યો છે, જેમાં નીતુ કપૂરની એનર્જી જોઈને દર્શકો પણ હેરાન થઈ ગયા છે. જોકે, નાટૂ નાટૂ ગીત પર ડાન્સ કરતા લોકો ૨ વાર વિચારે છે. ત્યાં આ બંને અભિનેત્રીઓ આ ગીતના મુવ્સ પર જોરદાર ડાન્સ કરતાં જોવા મળી રહી છે. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર સૌનું દિલ જીતી રહ્યો છે. અભિનેત્રી પદ્મિની કોલ્હાપુરેએ આ ડાન્સ વીડિયો તેમના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. હાલમાં જ એસ. એસ. રાજામૌલીની ફિલ્મ આરઆરઆરના ગીત નાટૂ નાટૂને ઓસ્કર એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મમાં અભિનેતા રામચરણ અને જૂનિયર એનટીઆરે જોરદાર ડાન્સ સ્ટેપ કર્યા છે.

# બિલખા પંથકમાં ભર ઉનાળે ચોમાસા જેવું વાતાવરણ સર્જાતા ખેતીમાં ભારે નુકશાની થવાની દહેશત





(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા) બિલખા તા.૫

બિલખા તેમજ આસપાસના ગ્રામ્ય પંથકમાં છેલ્લા ઘણા દિવસોથી ભર ઉનાળે સતત કમોસમી વરસાદ પડી રહ્યો હોય પાક નિષ્ફળ જવાની ભીતિથી ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળે છે. આ કમોસમી વરસાદને લીધે તલ, અળદ, મગ, બાજરો વિગેરે પાકોમાં ભયંકર નુકશાની થવાની દહેશત સ્પષ્ટપણે દેખાતી હોય ખેડૂતોમાં ભયની લાગણી ફેલાઈ ગયેલ છે. તદુપરાંત જાણકાર ખેડૂતોના કહેવા પ્રમાણે કેરીના પાકને પણ ભયંકર નુકશાની થવાની સંભાવના જોવા મળે છે. આ કમોસમી વરસાદના કારણે કેરીના ફળમાં જીવાત પડવાની સંભાવના જોવા મળે છે. જેના પરિણામે આ વર્ષે કેરીના ભાવ પણ આસમાને આવશે જો આમને આમ વાતાવરણ રહેશે તો ગરીબોને માટે કેરી તો સપનું બની જશે. જે હોય તે પણ હાલની પરિસ્થિતીને નજરે લઈ તમામ પક્ષના આગેવાનો એકસાથે મળીને ખેડૂતોને થનાર નુકશાની અંગે સરકારને રજુઆત કરી નુકશાનીનું વળતર અપાવવામાં આવે એ લોકહિતમાં રહેશે.

# ગીરની કેસર કેરીઓ વિદેશ વિશ્વનાં બજારોમાં પહોંચી



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા. ૫

ગરવા ગીરની આન, બાન અને શાન સમી કેસર કેરી દુબઈ, ઈંગ્લેન્ડ સહિતનાં ગોલ્ફ દેશોમાં માંગ અને નિકાસ કરતાં ખેડૂતોનાં ચહેરા ઉપર રોનક જોવા મળી છે. કોરોનાં કાળમાં જે નિકાસ ઠપ્પ થયેલી હતી જે થોડા ઘણા અંશે શરૂ થયેલ પરંતુ આ વર્ષે તો વિદેશોમાં કેસર કેરીની ભારે માંગ સર્જાઈ અને પ્રતિ ત્રણ કિલોનો ભાવ ૧૩ થી ૧૮ પાઉન્ડ એટલે કે રૂા. ૧૪૦૦ થી ૧૬૦૦ જેવો મળતો થયો છે. અને ૮૦ મેટ્રીક ટન જેટલી કેરી તો નિકાસ થઈ ચુકી છે. તાલાળા મેંગો માર્કેટ યાર્ડનાં ચેરમેન સંજયભાઈ સીંગાળા, સેક્રેટરી રમેશભાઈ, ગોરધનભાઈ સહિતનાં ઉત્સાહ દાખવી રહયા છે. તા. ૪-૫-૨૩નાં ૧૧૦૨૫ બોકસો ૧૦ કિલોનાં માર્કેટયાર્ડમાં આવ્યાં હતાં અને વધુમાં વધુ ભાવ રૂા. ૯૧૦ રહયો હતો.



# શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમની ભાવભેર ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫

જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે રાધારમણદેવના ૧૯૫માં પાટોત્સવ પર્વની ઉજવણી અંતર્ગત આજે બપોરના ૪ વાગ્યે શ્રીમદ ભાગવત પોથી યાત્રા યોજવામાં આવી રહી છે. આ દરમ્યાન સ્વામીનારાયણ ભગવાનના સ્વહસ્તે પધરાવેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના બિરાજમાન દેવોની પૂજનવિધી સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજે પૂનમનું પર્વ હોય મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા.

# શિવમ્ ચક્ષુદાન આરેણા દ્વારા G.M.E.R.S સિવિલ હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજ-પોરબંદરને ૧૬ વ્યક્તિના દેહદાન સંકલ્પપત્ર અર્પણ કરાયા



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૫

શિવમ્ ચક્ષુદાન આરેણા ટીમ દ્વારા તા.૪-૫-૨૦૨૩, ગુરૂવારના રોજ **G.M.E.R.S.** સિવિલ હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજ-પોરબંદરના ડીન એવા ડો. સુશીલકુમાર અને પ્રાધ્યાપક તથા દેહદાન વિભાગ સંભાળતા ડો. મયંક જાવિયાસાહેબને ૧૬ વ્યક્તિઓના દેહદાનના સંકલ્પપત્ર અર્પણ કરવામાં આવ્યાં છે. આ તકે પોરબંદર નેચર કલબના માધ્યમથી ખુબ જ સુંદર સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ સાજણભાઈ ઓડેદરા અને તેમની ટીમના શ્રી મોઢા, વૃજલાલ દાવડા તેમજ શ્રી રામ બ્લડ બેંક-પોરબંદરના જયપાલસિંહ જેઠવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે મેડિકલ કોલેજના ડીન ડો. સુશીલકુમાર શિવમ્ ચક્ષુદાન-આરેણા તેમજ નેચર કલબ-પોરબંદર દ્વારા થતી ચક્ષુદાનની સેવાકીય પ્રવૃતિથી ખુબ જ પ્રભાવિત થયા હતા અને આ માનવધર્મ કાર્યમાં યોગદાન આપી રહેલ આ બન્ને ટીમને બિરદાવી હતી અને આ પ્રવૃતિ વેગવંતી બને તેમજ ચક્ષુદાન કલેકશન સરળ બને તે માટે તેમણે મેડિકલ કોલેજ તરફથી જરૂરી મદદ માટે સંપૂર્ણ ખાત્રી આપી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે શિવમ્ ચક્ષુદાન-આરેણા દ્વારા અંગદાનના સંકલ્પપત્રો તો ભરાય જ છે પરંતુ ઈશ્વર ન કરે પણ દુર્ભાગ્યવશ એમાંના કોઈ વ્યક્તિનું બ્રેઈનડેડ થાય તો એવા વ્યક્તિના અંગદાન માટે તેઓ પુરતા પ્રયત્નશીલ રહેશે. પોરબંદરમાં એરપોર્ટ સેવા કાર્યરત છે જેના દ્વારા ગ્રીનકોરીડોરના માધ્યમથી સમયનો સદ્ ઉપયોગ કરી જરૂરિયાતમંદ વ્યકિતમાં ઓર્ગનનું પ્રત્યારોપણ ખુબ જ ઝડપથી અને સરળતાથી કરી શકાય તે માટે ભવિષ્યમાં આ મેડિકલ કોલેજમાં અંગ કલેકશનની જરૂરી વ્યવસ્થા કરી આપવાની પુરી તૈયારી બતાવી હતી. અને આ કાર્યમાં પોતાનાથી નિયમાનુસાર થતી તમામ મદદની પુરી ખાત્રી આપી હતી. આપને એ જણાવી દઈએ કે અંગદાન માટેના ઓર્ગન જેવા કે કિડની, લિવર, હાર્ટ વગેરેની સર્જરી મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં જ થઈ શકે જે બધી હોસ્પિટલમાં શક્ય નથી પરંતુ આગામી સમયમાં જો આવા અંગદાન કરવાની જરૂરિયાત ઉભી થશે તો તે વ્યવસ્થા મેડિકલ કોલેજ પોરબંદરમાં કરી આપવામાં આવશે તેવી ખાત્રી બતાવી હતી. આ ઉપરાંત પ્રાધ્યાપક તેમજ દેહદાન વિભાગ સંભાળતા ડો. મયંક જાવિયાએ દેહદાનને લગતી સમગ્ર પ્રક્રિયા તથા દેહદાન અંગેની ગેરસમજ અને માન્યતાઓ અંગે સંપૂર્ણ ખુલાસા કરી અને ખુબ જ સુંદર રીતે બંન્ને ટીમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે તેમણે માનવ સ્કેલેટોન અને માનવના જુદા જુદા અંગોનું પ્રત્યક્ષ નિદર્શન કરાવી અને પ્રત્યેક અંગની કાર્યપ્રણાલી અંગે બંન્ને ટીમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હાલ આ કોલેજના પહેલા વર્ષમાં ૯૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વધુમાં ડો. સુશીલકુમાર અને ડો. મયંક જાવિયા સાહેબે ઉમેર્યું હતું કે ચક્ષુદાન, દેહદાન અને અંગદાન એ ધર્મનું કાર્ય છે એ માનવધર્મ કાર્યમાં આપ બંન્નેની ટીમ ખુબ જ સારૂ કાર્ય કરી રહી છે, આગામી સમયમાં આ પ્રવૃતિ વેગવંતી બને તે માટે અમો કાયમી માટે તમારી સાથે રહેશું અને જ્યાં અમારી જરૂરિયાત પડશે ત્યાં અમો તમારી સાથે રહેશું તેવી ખાત્રી આપી હતી. મેડિકલ કોલેજના ડીન ડો. સુશીલકુમાર અને પ્રાધ્યાપક ડો. મયંક જાવિયાએ દાન ધર્મના આ કાર્યને વેગ આપવામાં ખુબ જ સાથ અને સહકાર આપ્યો તે બદલ શિવમ્ ચક્ષુદાન-આરેણા તેમજ નેચર કલબ-પોરબંદર આપનો આભાર વ્યક્ત કરે છે.

## : અવસાન નોંધ :

જૂનાગઢ : ગો.વાસી સોની મનસુખલાલ દુર્લભજી લાઠીગરાનાં સુપુત્ર નવનીતભાઈ મનસુખલાલ લાઠીગરા (ઉ.વ. ૭૧) તે શિરીષભાઈ, જગદીશભાઈ, નગીનભાઈ, વિનોદભાઈ, પ્રદિપભાઈનાં મોટા ભાઈ તેમજ આશિષ, વિશાલ, કિરણબેન વિનેશકુમાર, સુધાબેન ચંદ્રેશકુમાર, માલાબેન નિતીનકુમારનાં પિતાશ્રીનું તા. ૪-૫-૨૩ ગુરૂવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા. ૬-૫-૨૩ શનિવારનાં રોજ ભુતનાથ સત્સંગ હોલ, જૂનાગઢ ખાતે સાંજે ૪ થી ૫.૩૦ રાખેલ છે. વિશાલભાઈ-૯૮૯૮૮ ૩૨૯૦૬, આશિષભાઈ-૮૭૮૦૩ ૪૩૯૨૦, પ્રદિપભાઈ-૯૬૩૮૧ ૯૪૪૭૨, શિરીષભાઈ-૯૮૯૮૩૪૩૫૦૮.

જૂનાગઢ : કેશોદ નિવાસી ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ ભાલચંદ્રભાઈ (બબાભાઈ) કેશવલાલ ભટ્ટ (ઉ.વ. ૭૪) તે શીલ્પાબેન રણછોડકુમાર પંડયા (કોઠ), હેમાબેન વૈભવકુમાર જોષી (કરેણી)ના પિતા, હરસુખલાલ, સ્વ. વૃજલાલા, સ્વ. મધુસુદન, દિનકરાય, રમણીકલાલ, સ્વ. ભાનુશંકરનાં નાના ભાઈ, નવીનચંદ્ર, કનકરાય, કુમુદબેન કલ્પેશકુમાર મહેતાનાં મોટા ભાઈ, સ્વ. શાંતિલાલ મણીશંકર ભટ્ટ (ભટ્ટાવાડીવાળા)ના જમાઈ તા. ૧-૫-૨૩ને સોમવારનાં રોઠ (કોઠા મુકામે) કૈલાસવાસ થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા. ૫-૫-૨૩ને શુક્રવારનાં રોજ ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, વાંઝાવાડ, જૂનાગઢ મુકામે સાંજે ૫ થી ૬ રાખવામાં આવેલ છે.

# સોમનાથ-વેરાવળ એસટી તંત્ર તલાટી સ્પર્ધાત્મક પરીક્ષાર્થી માટે સંપૂર્ણ સજજ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ પાટણ તા. ૫

રાજયભરમાં તા. ૭ મેનાં રોજ તલાટી પરીક્ષાનો માહોલ હોઈ સોમનાથ-વેરાવળ એસટી ડેપો રાજય સરકારની માર્ગદર્શિકા મુજબ સંપૂર્ણ રીતે સજજ છે. ગીર સોમનાથમાં ઉના, કોડીનાર, વેરાવળ, સુત્રાપાડા, તાલાળાથી દોડનારી બસોની વિગત જે તે એસટી ડેપોનાં સંપર્ક કરવાની જાણકારી મળી રહેશે. વેરાવળથી ૯૨ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલન થશે. રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, અમરેલી, પોરબંદર સુધીની વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. અને એસટી બસોમાં બુકીંગ ચાલુ કરી દીધેલ છે. વધુ જાણકારી માટે એસટી ઈન્કવાયરી (૦૨૮૭૬) ૨૨૧૬૬૬, (૦૨૮૭૬) ૨૩૧૮૮૬ ઉપર સંપર્ક સાવધાથી માહિતી મળી શકશે.

# ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં રિલીઝ થનારી ફિલ્મ 'વેલકમ પૂર્ણિમા'નું પ્રમોશન



જૂનાગઢ, તા.૫

જૂનાગઢમાં તારીખ ૪/૫/૨૦૨૩ ના રોજ તાજેતરમાં રિલીઝ થનારી ફિલ્મ 'વેલકમ પૂર્ણિમા' ના ફિલ્મનું પ્રમોશન કરવા માટે સુપ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ અભિનેતા હિતેનકુમાર અને ફિલ્મ અભિનેત્રી માનસી રાચ્ય ડો. સુભાષ યુનિવર્સિટીના આંગણે પધાર્યા હતા. જેમાં ફિલ્મની રૂપરેખા આપેલી હતી અને તેમની થીમ વિશે અભિનેતાએ વાત કરી હતી. આ કોમેડી હોરર ફિલ્મ છે. ફિલ્મ વિશે વધુ પ્રકાશ પાડતા અભિનેત્રીએ માનસી રાચ્યે જણાવ્યું કે વાસ્તવમાં આપણા દેશમાં ભૂત, પ્રેત જેવું કશું જ નથી. પરંતુ પૌરાણિક માન્યતાને કારણે આ કોમેડી હોરર ફિલ્મ લોકો સમક્ષ લઈને આવ્યા છીએ.

આ ફિલ્મો સાથે ચાહકોમાં પોતાનો એક આગવા પ્રભાવ પાડવા માટે ફિલ્મ અભિનેતા હિતેનકુમાર અને ફિલ્મ અભિનેત્રી માનસી રાચ્ય ખૂબ જ પ્રયત્નશીલ છે. ડો. સુભાષ યુનિવર્સિટીના પટાંગણમાં વિદ્યાર્થીઓ સાથે ફિલ્મ અભિનેતા અને અભિનેત્રીએ પ્રમોશન માટે સમય ફાળવ્યો હતો અને વિશાળ વિદ્યાર્થીઓ વર્ગ હોવાથી અને આધુનિકતા ધરાવતા કેમ્પસને કારણે ડોક્ટર સુભાષ યુનિવર્સિટીને આ ફિલ્મના પ્રમોશન માટે ઉચિત જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૨૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ફિલ્મની ટીમને લઈને પોશાક ધારણ કરી આવનારી ફિલ્મને વધાવી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન ઋષિલ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીમાં મુખ્ય કલાકારો સાથે કલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદરનાં કાલસારી ગામે માર માર્યાની નોંધાતી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૫

વિસાવદર તાલુકાનાં કાલસારી ગામે મધુભાઈ રૂડાભાઈ પરમારે આરોપી દિનેશભાઈ પરમાર, આકાશભાઈ પરમાર, વિકેશભાઈ પરમાર, કેશુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનો દિકરો ગઈકાલે માતાજીનો માંડવો જોવા ગયેલ આ કામનાં આરોપી નં. ૧ સાથે બોલાચાલી થયેલ તે બાબતનું મનદુઃખ રાખી આ કામનાં આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદને આરોપી નં. ૧-૨નાએ જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી તથા આરોપી નં. ૩-૪એ ફરીયાદી તથા તથા સાહેદને લોખંડનો પાઈપ મારી ઈજા કરી એકબીજાને મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો નોંધી વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદમાં જુગાર દરોડો

કેશોદનાં શ્રધ્ધા સોસાયટીમાંથી પોલીસે જુગાર અંગે દરોડો પાડતાં ચાર પુરૂષો અને ૬ મહીલા મળી કુલ ૧૦ વ્યકિતઓને રોકડ રૂા. ૧૨૩૮૦ સાથે ઝડપી લઈ પોલીસો જુગારધારા અંતર્ગત ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મહિલાઓ સ્વમાન સાથે સ્વાવલંબી અને આત્મનિર્ભર બનીને જીવી શકે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ

# "આત્મનિર્ભર ભારત"નું સ્વપ્ર રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ "આત્મનિર્ભર નારી" મહિલા સશક્તિકરણની નેત્રદીપક કામગીરી થકી રાજકોટ જિલ્લો જરૂરી તમામ મૂલ્યાંકનમાં સશકત-અવ્વલ

**ચાલુ વર્ષે ૧૨ કરોડથી વધુની કેશ ક્રેડીટ મેળવતી ગ્રામીણ મહિલાઓ : બેટરીવાળી રીક્ષા, ઈકો વાન, સખી કેન્ટીન, ઝેરોક્ષની દુકાનો વગેરે દ્વારા આત્મનિર્ભર બનતી ગ્રામ્ય નારીઓ**






(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ મહિલાઓ સ્વમાન સાથે સ્વાવલંબી અને આત્મનિર્ભર બનીને જીવી શકે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. દ્રષ્ટિવાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ગ્રામીણ વિકાસ ઉપર સવિશેષ ભાર મુક્યો છે ત્યારે તેમનું "આત્મનિર્ભર ભારત"નું સ્વપ્ર રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ "આત્મનિર્ભર નારી" થકી ચરિતાર્થ થઈ રહ્યું છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(**NRLM**) એ ગ્રામીણ વિકાસ મંત્રાલયની મહત્વની યોજના છે, જેનો હેતુ સ્વ-સહાય જૂથો જેવી સામુદાયિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદ મહિલાઓને લાભ આપવાનો છે, જેથી ગ્રામીણ મહિલાઓ બેંકમાંથી આવશ્યક ધીરાણ મેળવી પગભર બની શકે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક આર.એસ.ઠુંમરએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં મહિલાઓનાં સર્વાંગી ઉત્કર્ષ માટે રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ૩૫૦૦ જેટલા સખી મંડળ કાર્યરત છે. સખીમંડળ સાથે જોડાયેલા મહિલા સભ્યોને આર્થિક રીતે પગભર થવા માટે વિનામૂલ્યે કૌશલ્યવર્ધન તાલીમ આપી હસ્તકલા અને ભરતગુંથણ, ઈમિટેશન-હેન્ડમેડ જવેલરી જેવી ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે જિલ્લા, રાજ્ય અને રાજ્ય બહાર માર્કેટ મેળામાં ભાગ લેવાની તકો વિનામૂલ્યે આપવામાં આવે છે. રાજકોટ જિલ્લાને પ્રદૂષણમુકત કરવા માટે બહેનોને રીક્ષા ચલાવવાની તાલીમ આપી ૨૨ બહેનોને બેટરીવાળી રીક્ષા, આજીવિકા એકસપ્રેસ યોજના હેઠળ ૩ ઈકો વાન આપવામાં આવેલી છે. સરકારી અને બિન સરકારી સંસ્થાઓમાં સખી મંડળની બહેનો દ્વારા ૧૦ જેટલી સખી કેન્ટીન, મહિલા સંચાલિત ઝેરોક્ષની દુકાન કાર્યરત છે. સખી બહેનો દ્વારા સફાઈ કોન્ટ્રાકટ પણ લેવામાં આવે છે. રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લા માટે ગર્વની વાત છે કે, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન આત્મનિર્ભરતા સાથે મહિલા સશક્તિકરણની નેત્રદીપક કામગીરી કરવા બદલ રાજકોટ જિલ્લો જરૂરી તમામ મૂલ્યાંકનમાં અવ્વલ આવી ૩૩ જિલ્લામાંથી પ્રથમ ક્રમાંકે આવ્યો છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ રાજ્ય કક્ષાએ દરેક જિલ્લામાં થતી જુદીજુદી પ્રવૃતિઓ જેવી કે, નવા સખી મંડળોની નોંધણી, માનવબળની ભરતી, વિલેજ ઓર્ગેનાઈઝેશનની નોંધણી, કલસ્ટર લેવલ ફેડરેશન, રીવોલ્વીંગ ફંડ, કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, આધારકાર્ડ લીંક અપ, કેશ ક્રેડીટ, રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, બિઝનેસ કોરોસ્પોન્ડસ સખી, પ્રધાનમંત્રી ફોર્માલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ, લખપતિ દીદી, કસ્ટમર હાઈરીંગ સેન્ટર, સહીત વહીવટી પ્રક્રિયા, ફંડની વહેંચણી, ચૂકવણાની કામગીરી, નિયત સમયમર્યાદામાં જુદાજુદા લક્ષ્યાંકોની પૂર્તિ સહીતની વર્ષ દરમ્યાન કરવામાં આવેલી કામગીરીને ધ્યાને લઈને દરેક જિલ્લાની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવતું હોય છે. જિલ્લા આજીવિકા અધિકારી વિરેન્દ્રસિંહ બસિયાએ રાજકોટ જિલ્લાની માહિતી આપતા જણાવ્યું હતું કે, ગ્રામીણ મહિલાઓ માટે જુન ૨૦૧૧ થી શરૂ કરીને અત્યાર સુધીમાં રાજકોટ જિલ્લામાં આશરે ૩૫૦૦ જેટલા સ્વસહાય જૂથની બહેનો પોતાના દ્વારા ઉત્પાદિત કલાત્મકચીજવસ્તુઓનું વેચાણ કરીને આજીવિકા મેળવે તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે. ચાલુ વર્ષે ૧૨ કરોડથી પણ વધુની કેશ ક્રેડીટ થકી ગ્રામીણ મહિલાઓનાં જીવનમાં અજવાસ પથરાયા છે. આગામી વર્ષમાં મહિલા સશક્તિકરણ માટે ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ કાર્યરત મહિલાઓને તાલીમ આપીને, તેઓને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ સાથે વધુમાં વધુ સાંકળવામાં આવશે. વધુમાં વધુ સખી મંડળો થકી વધુમાં વધુ મહિલાઓ જોડાઈ, આર્થિક રીતે પગભર થાય, કૌશલ્યવર્ધન તાલીમ મેળવીને વ્યાવસાયિક પ્રવૃતિઓ થકી રાજકોટની મહિલાઓ સ્વની સાથે અન્ય મહિલાઓને મદદરૂપ બની રહે તે માટે તમામ પ્રયાસો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવનાર છે.


# ઉનામાં નરસિંહ જયંતિની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૫

ઉનામાં રાધાદામોદરાય હવેલીએ નરસિંહ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી અને ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

# કોડીનાર તાલુકાના મૂળદ્વારકા ગામે આર્ટ પોસ્ટર મેકિંગ તાલીમ પ્રમાણપત્ર વિતરણ કરાયા



વેરાવળ, તા.૫

નાબાર્ડ અને શ્રી ઉદય એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કોડીનાર તાલુકાના મૂળ દ્વારકા ગામે આર્ટ પોસ્ટર મેકિંગ તાલીમના પ્રમાણપત્ર વિતરણ કરાયા હતાં. જેમાં ડીડીએમ નાબાર્ડ કિરણ રાઉત, કેટીસી બેંક કોડીનારના મેનેજર શ્રી વાળા તેમજ **NRLM**ના ટીએલએમ મુકેશ વાણવી તેમજ બારડ રોહિતભાઈ તેમજ શ્રી ઉદય. એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ લલીતાબહેન પાનસુરિયાની ઉપસ્થિતિમાં પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યુ અને બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

